₹ ૧૫/-

ઉષાનગરી



# પ્રભુ અર્પણ

ફેબ્રુઆરી - ૨૦૧૮

(શ્રી અરવિન્દ અને શ્રી માતાજીની શબ્દસુધા)

## Matter shall reveal the Spirit's face

*Sri Aurobindo*

# ઑરોવિલનો જન્મ

## ઑરોવિલનાં વંદન

28. 2. 68

Greetings from Auroville
to all men of good will.
Are invited to Auroville all
those who thirst for progress
and aspire to a higher
and truer life.

૨૮-૦૨-૧૯૬૮

શુભેચ્છા ધરાવતા સર્વ મનુષ્યોને આમંત્રણ છે. સર્વ કોઈને કે જેમને પ્રગતિની તૃષા છે અને જે કોઈ એક વધુ ઉચ્ચ અને વધુ સાચા જીવન માટે અભીપ્સા ધરાવે છે.

CWM 13 : 193 — શ્રી માતાજી

૨૮-૨-૬૯

જેઓ ઑરોવિલમાં રહે છે તેમ જ ઑરોવિલને સાકાર કરવા માટે જેઓ કાર્ય કરી રહ્યાં છે તે સૌ પ્રકાશ શાંતિ અને આનંદને પામો.

આશીર્વાદ...

શ્રી માતાજી

# પ્રભુ અર્પણ

(આધ્યાત્મિક વિકાસ, એ જ આપણા પૃથ્વી પરના જીવનનો ખરો હેતુ છે.)

## શ્રી અરવિન્દ સોસાયટી, વડોદરા.

ફેબ્રુઆરી - ૨૦૧૮ વર્ષ : ૦૪ અંક : ૨


# અનુક્રમ

## ઉષાનગરી


| | |
|---|---|
| પરમાત્માનું સ્વપ્ન | ૦૬ |
| ઑરોવિલ : એક સ્વપ્ન | ૧૩ |
| ઑરોવિલનો હેતુ | ૧૭ |
| ભાવિ શહેરનું નિર્માણ | ૨૧ |
| ઑરોવિલનું પ્રતીક | ૨૯ |
| માતૃમંદિર : ઑરોવિલનો આત્મા | ૩૪ |
| ઑરોવિલ – જ્યાં આત્મા સદૈવ શ્વાસોચ્છ્વાસ લઈ રહ્યો છે | ૪૪ |
| * | |
| વૃત્ત વિશેષ | ૪૭ |


**તંત્રી નોંધ :** અંત ન પામતાં યુદ્ધોનો લાંબો ઇતિહાસ હોવા છતાં માનવજાતિએ પોતાના અંતરમાં ઊંડે ઊંડે હંમેશાં સુખી, શાન્તિપૂર્ણ અને સંવાદમય સમૂહ જીવનની અભીપ્સાને ઉછેરી છે. માનવના ધાર્મિક તેમ જ બિનસાંપ્રદાયિક વિચારમાં આ અભીપ્સાએ વિધવિધ સ્વરૂપો ધારણ કર્યાં છે. પરંતુ હજુ સુધી આપણે માત્ર કામચલાઉ અડસટ્ટો હાંસલ કરવામાં જ સફળતા પ્રાપ્ત કરી છે; વાસ્તવિક એકતા આપણે હજુ સિદ્ધ કરી શક્યા નથી. કદાચ એ એકતાનો સાચો આધાર આપણને હજુ મળ્યો નથી. આ વખતે અતિમાનસ ચેતનાથી સજ્જ દેહધારી ઈશ્વરે જ આ એકતા માટે પુનઃ પ્રયત્ન કરવાનો પ્રારંભ કર્યો છે. ઑરોવિલ, જે ઈશ્વરીય યોજના છે અને જેનો આરંભ, જેનું માર્ગદર્શન અને જેને આધાર મા ભગવતી સ્વયં કરી રહ્યાં છે તેના મૂળમાં વધુ તેજસ્વી, વધુ સંવાદમય અને સુંદર સહઅસ્તિત્વની અભીપ્સા જ રહેલી છે. નિઃશંક માનવજાતિ માટે ઑરોવિલ એક સ્વપ્નશીલ સુંદર યોજના છે. અને આ સ્વપ્ન છે પરમાત્માનું પોતાનું સ્વપ્ન. ઑરોવિલના જન્મની ૫૦મી વર્ષગાંઠ નિમિત્તે અમે આ અંક મા ભગવતીની આ વિશ્વનગરીના જન્મને અર્પણ કરીએ છીએ.

*



**વિશ્વનગર...**

ઑરોવિલ એવું વિશ્વનગર બનવા માગે છે જ્યાં સર્વ દેશોના પુરુષો અને સ્ત્રીઓ શાંતિમાં અને પ્રગતિશીલ સંવાદિતામાં સર્વ માન્યતાઓ, સર્વ રાજકારણ અને સર્વ રાષ્ટ્રીયતાઓથી પર  રહી શકે.

**શ્રી માતાજી**

(CWM 13 : 188)

# પરમાત્માનું સ્વપ્ન

૧. ઑરોવિલની રચના માટે કોણે આરંભ કર્યો છે ?
''પરમાત્માએ''

૨. ઑરોવિલ માટે નાણાં પૂરાં પાડવામાં કોણ ભાગ ભજવે છે ?
''પરમાત્મા.''

૩. માણસને ઑરોવિલમાં રહેવું હોય તો તે માટે તેણે શું કરવું જોઈએ ?
'પરમ પૂર્ણતામાં પહોંચવાને પ્રયત્ન કરવો.'

૪. ઑરોવિલમાં રહેવા માટે માણસે યોગના વિદ્યાર્થી થવું જ જોઈએ ?
'આખું જીવન યોગ છે. આ રીતે માણસ પરમ યોગની સાધના કર્યા વિના જીવી શકતો નથી.'

૫. ઑરોવિલમાં આશ્રમ કયો ભાગ ભજવશે ?
'પરમાત્મા એણે જે ભાગ ભજવવાનું ઇચ્છશે તે.'

૬. ઑરોવિલમાં કેમ્પિંગની જગાઓ હશે ?
'બધી વસ્તુઓ જેવી હોવી જોઈએ તે પ્રમાણે છે, તે જ્યારે બનવી જોઈએ તે જ સમયે બને છે.'

૭. ઑરોવિલમાં કુટુંબ જીવન ચાલુ રહેશે ?
'માણસ જો એનાથી પર ન થઈ ગયો હોય તો.'

૮. ઑરોવિલમાં માણસ પોતાનો ધર્મ રાખી શકશે ?
'માણસ જો એનાથી પર ન થઈ ગયો હોય તો.'

૯. ઑરોવિલમાં માણસ નાસ્તિક રહી શકે ખરો ?

**'માણસ જો એનાથી પર ન થઈ ગયો હોય તો.'**

૧૦. ઑરોવિલમાં સામાજિક જીવન રહેશે ?

**'માણસ જો એનાથી પર ન થઈ ગયો હોય તો.'**

૧૧. ઑરોવિલમાં ફરજિયાત સંઘ પ્રવૃત્તિઓ રહેશે ?

**'કશું જ ફરજિયાત નહિ હોય.'**

૧૨. ઑરોવિલમાં પૈસાની આપ લે રહેશે ખરી ?

**'ના, માત્ર બહારના જગત સાથે ઑરોવિલને પૈસાના સંબંધો રહેશે.'**

૧૩. ઑરોવિલમાં કામ કેવી રીતે ગોઠવાશે અને તેની વહેંચણી કેવી રીતે કરવામાં આવશે ?

'એમાં પૈસો ચક્રવર્તી સ્થાને નહિ હોય. સ્થૂલ સંપત્તિ અને સામાજિક દરજ્જાને કારણે ઊભા થતા મૂલ્ય કરતાં માણસના વ્યક્તિગત મૂલ્યનું મહત્ત્વ વધારે રહેશે. ત્યાં કામ તે પોતાની આજીવિકા મેળવવાના સાધન રૂપે નહિ હોય, કામ એ પોતાની અભિવ્યક્તિના સાધન રૂપે બનશે, તમારી શક્તિઓ અને શક્યતાઓને વિકસાવવાના સાધન રૂપે રહેશે, અને સાથે સાથે તે આખા સમૂહની સેવા રૂપે બનશે. એ સમૂહ પોતાના તરફથી દરેક જણને તેના નિર્વાહની વ્યવસ્થા કરી આપશે અને તેના કાર્યને માટે ક્ષેત્ર ઊભું કરી આપશે.'

(શ્રી માતાજી લિખિત 'એક સ્વપ્ન' માંથી અવતરણ)

૧૪. ઑરોવિલ નિવાસીઓનો બહારના જગત સાથે શો સંબંધ રહેશે :

'દરેક વ્યક્તિને સંપૂર્ણ સ્વતંત્રતા આપવામાં આવે છે. ઑરોવિલવાસીઓના બહારના જગત સાથેના સંબંધો તેમની અંગત અભીપ્સાઓ અને પ્રવૃત્તિઓ પ્રમાણે ગોઠવાશે.'

(આ ઉત્તર એક સાધકે જણાવેલો અને શ્રી માતાજીએ તેને સંમતિ આપી છે).

૧૫. ઑરોવિલની જમીન અને મકાનોનું માલિક કોણ હશે ?

**'પરમાત્મા.'**

૧૬. શિક્ષણ માટે કઈ ભાષાઓ વાપરવામાં આવશે ?

**'જગતની બોલાતી બધી ભાષાઓ.'**

(મૂળ ફ્રેન્ચમાંથી અંગ્રેજીમાં કરેલો અનુવાદ શ્રી માતાજીને ૮મી ઑક્ટોબર, ૧૯૬૯ એ વાંચી સંભળાવવામાં આવેલો અને શ્રી માતાજીએ તેને સુધારેલો તે ઉપરથી.)

(CWM 13 : 188-190)

*

## આદર્શનગર

ઘણા લાંબા સમયથી મારી એક આદર્શનગરની યોજના હતી, પરંતુ તે શ્રી અરવિન્દના જીવન દરમ્યાન હતી અને તેના કેન્દ્રમાં શ્રી અરવિન્દ જીવતા હતા. પછીથી મને તેમાં વધારે રસ રહ્યો નહિ. પછીથી ઑરોવિલનો ખ્યાલ — મેં ઑરોવિલ નામ આપેલું — ફરીથી હાથ ઉપર લેવામાં આવ્યો. પરંતુ બીજા છેડાએથી; તે રચનાએ એક જગા શોધવાની હતી તેને બદલે લેઈક પાસે એક જગા હતી તેણે તે રચનાને જન્મ આપ્યો. અને અત્યાર સુધી મેં તેમાં ઘણો ઓછો રસ લીધો કારણ કે મેં કોઈ વસ્તુ સીધેસીધી ગ્રહણ કરેલી નહિ. ત્યાર પછી આપણી નાનકડી 'અ' ના મનમાં લેઈકની નજીક ઘર લેવાનો વિચાર આવ્યો અને તેના ઘરની પાસે જ મારા માટે મકાન લઈને મને તે અર્પણ કરવાનું તેણે નક્કી કર્યું. તેણે મને તેનાં સ્વપ્નો લખ્યાં : એક કે બે વાક્યોએ મારી ઘણી જૂની સ્મૃતિને ઢંઢોળી, જેમાં મારે કાંઈક અભિવ્યક્ત કરવું હતું — કોઈ સર્જન — જ્યારે હું ઘણી નાની હતી ત્યારે અને વળી ફરીથી જ્યારે હું થીઓની સાથે હતી ત્યારે, આ સદીની શરૂઆતમાં, આવિર્ભાવ પામવા પ્રયત્ન કરતું હતું. ત્યાર પછી બધું ભૂંસાઈ ગયું. તે આ પત્રની સાથે ફરીથી સજીવન થયું; એકાએક મારી પાસે ઑરોવિલની યોજના આવી ગઈ. (શ્રી માતૃવાણી ગ્રંથ ૧૩ : ૨૦૫-૦૬)

*

## અગાઉની રચના

મેં જે જૂની રચના કરેલી તેમાં એક ટેકરી અને એક નદી હતી. એક ટેકરી હોવી જરૂરી હતી કારણ કે શ્રી અરવિન્દનું મકાન ટેકરીની ટોચ ઉપર હતું. પરંતુ ત્યાં શ્રી અરવિન્દ કેન્દ્રમાં હતા. તે મારા પ્રતીકની યોજના પ્રમાણે ગોઠવાયેલું, એટલે કે એક બિંદુ મધ્યમાં અને તેમાં શ્રી અરવિન્દ અને તેમના જીવન સાથે સંકળાયેલી બધી વસ્તુઓ, અને ચાર મોટી પાંખડીઓ — જે આ ડ્રૉઈંગ પ્રમાણે જ બરાબર ન હતી, તે કાંઈક જુદું જ હતું — અને આજુબાજુ બાર પાંખડીઓ, નગર પોતે જ, અને તેની આસપાસ સાધકોનાં નિવાસસ્થાનો. તમે મારા પ્રતીકને જાણો છો ? રેખાઓને બદલે તેમાં પટ્ટાઓ છે. વારુ, છેલ્લો ગોળ પટ્ટો સાધકોના

નિવાસસ્થાનનો પ્રદેશ બનતો, દરેકને પોતાનું મકાન અને એક બગીચો હતો. વાહનવ્યવહાર માટે સાધનો હતાં; મને ખાતરી નથી કે તે વ્યક્તિ માટે હતાં કે સમૂહ માટે — પેલી પહાડમાં હોય છે એવી નાની ટ્રામકારો, તમે જાણો છો — તે બધી દિશાઓમાં સાધકોને નગરના કેન્દ્રમાં પાછા લાવવા માટે જતી. અને તે બધાની આજુબાજુ એક દીવાલ હતી અને બારણા પર સંત્રીઓ હતા, તેથી કોઈ પણ બિનસત્તાવાર પ્રવેશ મેળવી શકતું નહિ. પૈસા હતા જ નહિ — દીવાલની અંદરના પ્રદેશમાં નાણાં નહિ; જુદાં જુદાં પ્રવેશદ્વારો નજીક બૅન્કો અગર કોઈક પ્રકારના ગલ્લાઓ હતા જ્યાં લોકો પોતાના પૈસા જમા કરાવે અને તેના બદલામાં ટિકિટો મેળવે. તેનાથી તેઓ રહેઠાણ અને ખોરાક મેળવી શકે, પણ પૈસા નહિ — ટિકિટો મુલાકાતીઓ માટે જ હતી, જેઓ રજા વગર પ્રવેશ મેળવી શકે નહિ. તે ખૂબ વ્યવસ્થિત સંચાલન હતું .... પૈસા નહિ; મારે કોઈ પૈસાની જરૂર નહોતી. (શ્રી માતૃવાણી ગ્રંથ ૧૩ : ૨૧૧-૨૧૨)

*

એટલે કે ત્યાં સાધકો રહેશે ?

અહા ! આશ્રમ અહીં રહે છે - આશ્રમ અહીં રહે છે, હું અહીં રહું છું તે સમજી લેવાનું. ઑરોવિલ છે એક....

તેના ઉપગ્રહ જેવું ?

હા, તે બાહ્ય જગત સાથેનો સંપર્ક છે. મારા ચિત્રમાં જે કેન્દ્ર રહેલું છે તે એક પ્રતીક કેન્દ્ર છે.

પરંતુ 'અ'ને તેવી ઇચ્છા છે. તેને એક એવું મકાન જોઈએ છે જેમાં તે એકલી હોય અને તેની નજીક મારું રહેઠાણ હોય, જેમાં હું પણ એકલી હોઉં. બીજો ભાગ એક સ્વપ્ન છે કારણ કે હું... અને એકલી.... ? તમારે શું બને છે તે ફક્ત જોવાનું છે. તે જ સાચું છે, ખરું ને ? એટલે ''બિલકુલ એકલા'' બરાબર નથી. એકાંત અંદરમાં શોધવું જોઈએ. એ એક જ માર્ગ છે. પરંતુ જ્યાં સુધી રહેવાનો પ્રશ્ન છે તેમાં, હું ત્યાં ચોક્કસ જઈને રહેવાની નથી, કારણ કે સમાધિ અહીં છે. પરંતુ હું મુલાકાતે ત્યાં જઈ શકું. દા.ત. હું ત્યાં ઉદ્‌ઘાટન પ્રસંગે કે કેટલાક ઉત્સવ પ્રસંગે જઈ શકું. આપણે જોઈએ. હજુ તો ઘણાં વર્ષો પછીની વાત છે.

ટૂંકમાં, ઑરોવિલ બાહ્ય જગતના વધારે સંપર્ક માટે છે ?

હા ! તે એક નગર છે ! પરિણામરૂપે તે બાહ્ય સંપર્કની સાથે વધારે સંકળાયેલું છે. પૃથ્વી ઉપર એક આદર્શ જીવન જીવવાનો પ્રયોગ. (શ્રી માતૃવાણી ગ્રંથ ૧૩ : ૨૧૦-૨૧૧)

*

## આવતીકાલનો ખોરાક શોધી નાખવો

કેટલીક વસ્તુઓ ખરેખર રસિક છે. સૌથી પ્રથમ, દાખલો લઈએ તો હું ઇચ્છું છું કે

દરેક દેશ પોતાનું પેવેલિયન રાખે અને તે પેવેલિયનમાં તે દેશનો ખોરાક હોય — એટલે કે, જાપાનીઝ લોકો તેમની ઇચ્છા હોય તો જાપાનીઝ ખોરાક લઈ શકે વગેરે, પરંતુ નગરમાં બન્ને, માંસાહારીઓ અને બિનમાંસાહારીઓ માટે ખોરાક હશે, અને ભવિષ્ય માટેના ખોરાકની શોધ માટે પણ પ્રયત્ન કરવામાં આવશે.

પાચનની આખી પ્રક્રિયા, જે તમને વજન કરે છે — જે માણસનો આટલો બધો સમય અને શક્તિ લઈ લે છે — તે પહેલેથી વિચારવું જોઈએ. તમને એવી વસ્તુઓ આપવી જોઈએ જે તાત્કાલિક પચી શકે, જેવી કે તેઓ અત્યારે જે વસ્તુઓ બનાવે છે તેવી. દા.ત. તેમની પાસે વિટામિનની ગોળીઓ છે અને પ્રોટીન જે સીધેસીધું પચી જાય; કોઈ એક અથવા બીજી વસ્તુમાં પોષક તત્ત્વો અને જેમાં ખૂબ જથ્થો ન હોય — વધારે જથ્થામાંથી ઘણું ઓછું પચાવવાની જરૂર પડે છે. માણસો રસાયણશાસ્ત્રમાં ઘણા કુશળ હોવાથી તેને સરળ બનાવવું શક્ય છે.

લોકોને આ પસંદ પડતું નથી. કારણ કે તેઓને ખાવામાં ખૂબ તીવ્ર આનંદ આવે છે; પરંતુ જ્યારે તમે ખાવામાં આનંદ ન લો ત્યારે પણ તમારે પોષણની જરૂર તો પડે છે અને તેના માટે સમય બગડવો ન જોઈએ. ખાવામાં, પચાવવામાં અને બીજી બધી વસ્તુઓમાં ઘણો સમય બગડે છે. અને ત્યાં એક પ્રયોગશીલ રસોડું મને પસંદ પડશે, એક પ્રકારની રસોડાની પ્રયોગશાળા, લોકો તેમના રસ અને ઇચછા પ્રમાણે એક બે બીજી જગાએ જઈ શકે.

(શ્રી માતૃવાણી ગ્રંથ ૧૩ : ૨૧૭-૨૧૮)

*

## જીવન જીવવાની રીત વિશે અભ્યાસ અને સંશોધન

અને તેમણે તેમના ખોરાક માટે કિંમત નહિ ચૂકવવી પડે, પરંતુ તેમણે તેના બદલે કામ અથવા તેમનું ઉત્પાદન આપવું જોઈએ; જેમને ખેતરો હોય તેમણે તેમનાં ખેતરોની ઊપજ આપવી જોઈએ; જેમની પાસે કારખાનાંઓ હોય તેમણે તેમની વસ્તુઓ આપવી અથવા કોઈ વ્યક્તિ પોતાનો શ્રમ ખોરાકને બદલે આપશે.

આ વસ્તુ પોતે જ આંતરિક પૈસાનો વ્યવહાર બંધ કરે છે. અને દરેક વસ્તુ માટે આપણે આ પ્રમાણે શોધી કાઢીશું. પાયાની રીતે તે નગર એક અભ્યાસ માટેનું નગર હોવું જોઈએ, એક એવા પ્રકારના જીવનનો અભ્યાસ અને શોધ, જેમાં જીવન સરળ બનાવવામાં આવ્યું હશે અને જેમાં ઊર્ધ્વતર ગુણોનો વિકાસ કરવા માટે વધારે સમય હશે.

આ ફક્ત એક નાનકડી શરૂઆત છે.

મારે આ હકીકત ઉપર ભાર મૂકવો છે કે તે પ્રયોગ હશે. તે એક શોધખોળ માટે જ છે — પ્રયોગ હશે. તે એક શોધખોળ માટે જ છે — પ્રયોગ, સંશોધન અને અભ્યાસ...

(શ્રી માતૃવાણી ગ્રંથ ૧૩ : ૨૧૮)

*

## સાધનો અને શક્તિ અનુસાર વ્યક્તિઓ એના વિકાસકાર્યમાં ભાગ લેશે

**''ત્યાં જેઓ રહેશે તેઓ તેના જીવનમાં અને વિકાસમાં ભાગ લેશે.''**

ત્યાં જેઓ રહે છે તેના જીવનમાં અને વિકાસમાં તેમનાં સાધનો અને શકિત અનુસાર તેઓ ભાગ લેશે, પણ યાંત્રિક રીતે નહિ. દરેક એકમમાં આ રીતે સમજવાનું. એ વસ્તુ છે એક જીવંત અને સાચું જીવન, યાંત્રિક નહિ. અને દરેકની શક્તિ પ્રમાણે : એટલે કે જેમની પાસે સ્થૂલ સાધનો હોય, જેવાં કે કારખાનાંએ ઉત્પાદન કરેલો માલ, તેમના ઉત્પાદનના ભાગે આપવો અને નહિ કે વ્યક્તિ દીઠ, માથા દીઠ.

**''તેમાં ભાગ લેવાનું નિષ્ક્રિય હોઈ શકે અથવા સક્રિય.''**

મને ખબર નથી કે નિષ્ક્રિયનો અર્થ શો : મેં ફ્રેન્ચમાં તે કહેલું. તે 'નિષ્ક્રિય'નો શો અર્થ હોઈ શકે ? કદાચ તે ભૂમિકાઓ જેવું હોય અથવા ચેતનાના જુદા જુદા સ્તરો હોઈ શકે.

**તમે એવું કહેવા માગતા હતા કે જેઓ પ્રજ્ઞાવાળા છે, આંતરકાર્ય કરે છે તેઓને... જરૂર નથી.**

હા. તે બરાબર છે. જે લોકોમાં ઉચ્ચ પ્રકારનું જ્ઞાન છે તેમણે શારીરિક શ્રમનું કાર્ય કરવાની જરૂર નથી એવું મારે કહેવું હતું.

**''આ પ્રકારના કરવેરા નહિ હોય, પરંતુ દરેક પોતાનો ફાળો સામૂહિક કલ્યાણમાં આપશે, પછી તે અન્ય પ્રકારનું હોય અથવા પૈસાના રૂપમાં.''**

આ સ્પષ્ટ છે, કરવેરા નહિ હોય. પરંતુ દરેક પોતાના કાર્યથી સામૂહિક હિત માટે પોતાનો ફાળો આપશે. પછી તે વસ્તુઓથી ભરપાઈ કરે અથવા નાણાંથી. જેમની પાસે પૈસા સિવાય બીજું કાંઈ નહિ હોય તેઓ પૈસા આપશે. પરંતુ સાચું કહીએ તો ''કર્મ'' — આંતરિક કર્મ પણ હોઈ શકે. પરંતુ તે વિશે કહી શકાય નહિ, કારણ કે માણસો પૂરતા પ્રમાણમાં પ્રામાણિક નથી; કર્મ, ગુપ્ત કર્મ પણ હોઈ શકે, પૂરેપૂરું આંતરિક. પરંતુ તે બિલકુલ સાચદિલનું અને સચ્ચાઈપૂર્વકનું હોવું જોઈએ. અને તેની માટેની શકિત જોઈએ. દંભ નહિ. પરંતુ કામ શારીરિક રીતનું જ હોવું જોઈશે એમ નથી.

*

ભૌતિક રીતે દરેક માનવીને એક સાચો હક હોય છે — પરંતુ તે 'હક' નથી. વ્યવસ્થા એ પ્રકારે ગોઠવાવી જોઈએ કે દરેકની ભૌતિક જરૂરિયાતની તેને ખાતરી મળવી જોઈએ. હકો અને સમાનતાના ખ્યાલો પ્રમાણે નહિ, પરંતુ ઓછામાં ઓછી જરૂરિયાતના પાયા પર. અને એક વખત તેનું સ્થાપન થઈ જાય પછીથી દરેક પોતાનું જીવન વ્યવસ્થિત કરવા માટે મુક્ત હશે — તેના પૈસાના સાધન દ્વારા નહિ, પરંતુ તેની આંતરિક શક્તિઓના આધારે.

(શ્રી માતૃવાણી ગ્રંથ ૧૩ : ૨૧૯થી ૨૨૧)

*

## મનને સ્થાને આધ્યાત્મિકરણ પામેલી ચેતના સ્થાપવી

> **''કોઈ પણ કાયદા અથવા કાનૂનો બનાવવામાં આવ્યા નથી. નગરનું આંતર સત્ય જેમ જેમ બહાર આવશે એને તેનો ક્રમિક આકાર બંધાશે તેમ તેમ તે રચાતા જશે. આપણે અગાઉથી કાંઈ ધારી લેતા નથી.''**

હું એમ કહેવા માગું છું કે ઘણે ભાગે — અત્યાર સુધી, અને હમણાંથી વધારે અને વધારે માણસો તેમના ખ્યાલો અને વિચારો મુજબ માનસિક નિયમો બનાવે છે અને ત્યાર પછી તેમને અમલમાં મૂકે છે (શ્રી માતાજી તેમની મૂઠી વાળીને નીચે ઉતારે છે અને દુનિયા મનની ચૂડમાં છે એમ સૂચવે છે.) અને આ વસ્તુ બિલકુલ ખોટી છે, તે મનસ્વી અને અવાસ્તવિક છે — અને તેનું પરિણામ એ આવે છે કે કાં તો બળવો થાય છે અથવા વસ્તુ શક્તિહીન થઈને અદૃશ્ય થઈ જાય છે... જીવનની પોતાની અનુભૂતિમાંથી વિશાળ નિયમો ધીરે ધીરે રચાવા જોઈએ. અને તે બને તેટલા નમનીય અને વિશાળ હોવા જોઈએ, કાયમ પ્રગતિશીલ. કોઈ પણ વસ્તુ જડ રીતે નક્કી કરેલી હોવી જોઈએ નહિ. સરકારોની એક મહાન ભૂલ છે; તેઓ એક માળખું તૈયાર કરે છે અને કહે છે, ''આ રહ્યું, અમે બધી ગોઠવણી કરી છે અને હવે આપણે આ રીતે જીવવું પડશે.'' અને આ રીતે ચોક્કસ તેઓ જીવનને કચડી નાખે છે અને તેને પ્રગતિશીલ બનાવવામાંથી અટકાવે છે. જીવન પોતે જ પ્રકાશ, જ્ઞાન અને શક્તિ તરફ વધારે અને વધારે વૃદ્ધિ પામતું જાય છે અને ધીરે ધીરે એવા નિયમો સ્થાપિત થતા જાય છે જે સામાન્ય રીતે વ્યવહારમાં મૂકી શકાય અને જરૂર પડે ત્યારે પૂરેપૂરા નમનીય બને અને જરૂર પ્રમાણે અને ટેવો પ્રમાણે પરિવર્તન પામે.

(મૌન)

અને પ્રશ્ન છેવટે અહીં આવીને ઊભો રહે છે : બુદ્ધિથી શાસન કરનારી સરકારને બદલે એક આધ્યાત્મિક ચેતનાથી શાસન કરાતી સરકારનું સ્થાપન કરવું જોઈએ.

(શ્રી માતૃવાણી ગ્રંથ ૧૩ : ૨૨૧થી ૨૨૨)

*

# ઑૅરોવિલ : એક સ્વપ્ન



**નૂતન સર્જનનું સૌન્દર્ય (ઑૅરોવિલનું સૌન્દર્ય)**

**નૂતન સર્જન ઈશ્વરનો આવિર્ભાવ સારી રીતે કરવા પ્રયત્નશીલ રહે છે.**

**શ્રી માતાજીએ આ પુષ્પને આપેલું આધ્યાત્મિક નામ**

Botanical Name : Hibiscus rosa-sinensis 'Debbie Ann'

**તમે કહો છો : ઑૅરોવિલ એક સ્વપ્ન છે.**

**હા, એ પરમાત્માનું સ્વપ્ન છે. અને સામાન્યતઃ આવાં 'સ્વપ્નાંઓ' સાચાં પડતાં હોય છે – કહેવાતી માનવીય વાસ્તવિક્તાઓ કરતાં વધુ સાચાં.**

CWM 13 : 191 **શ્રી માતાજી**

## ઑરોવિલનો મુદ્રાલેખ

૧. ઑરોવિલ કોઈ પણ એક વ્યક્તિનું નથી. ઑરોવિલ સારીયે માનવજાતિનું છે.

પરંતુ ઑરોવિલમાં નિવાસ કરવા માટે માણસે સ્વેચ્છાપૂર્વક દિવ્ય ચેતનાના સેવક બનવું જોઈશે.

૨. ઑરોવિલ એ એક અનંત કેળવણીનું, અખંડ પ્રગતિનું અને કદી વૃદ્ધ ન થતા યૌવનનું સ્થાન બનશે.

૩. ઑરોવિલ ભૂત અને ભવિષ્યની વચ્ચેનો પુલ બનવા ઇચ્છે છે. બાહ્યની તેમ જ આભ્યંતરની થયેલી સૌ શોધખોળોનો લાભ લઈને ઑરોવિલ હિંમતપૂર્વક ભાવિના સાક્ષાત્કારો માટે ઠેક ભરશે.

૪. ઑરોવિલ એ એક સઘન માનવ એકતાને જીવંત દેહ આપવા માટેના ભૌતિક અને આધ્યાત્મિક સંશોધન માટેનું સ્થાન બનશે.

તા. ૨૮-૨-૬૮ **શ્રી માતાજી**

*

## સ્વેચ્છાપૂર્વકના દિવ્ય ચેતનાના સેવક

**''પરંતુ ઑરોવિલમાં રહેવા માટે વ્યક્તિએ દિવ્ય ચેતનાના સેવક બનવું પડશે.''**

ઑરોવિલમાં આ વિશે એક મોટો વાદવિવાદ ચાલે છે. ચાર્ટરમાં મેં ''દિવ્ય ચેતના'' મૂક્યું, એટલે તેઓ કહે છે, ''આ વસ્તુ અમને ભગવાનની યાદ આપે છે.'' મેં કહ્યું (માતાજી હસે છે), પણ તે વસ્તુ 'મને' ભગવાનની યાદ આપતી નથી.''

એટલે કેટલાક લોકો તેનું ભાષાંતર કરે છે. ''સૌથી ઉચ્ચ ચેતના.'' બીજાઓ કોઈક બીજો જ શબ્દ મૂકે છે. હું રશિયનો સાથે સહમત થયેલી જ્યારે તેમણે ''પૂર્ણ ચેતના'' શબ્દ મૂક્યો ત્યારે. પરંતુ તે પણ આશરે નજીકનો શબ્દ છે... અને તે (તત્) — જેનું નામ આપી શકાય નહિ અને જે અવ્યાખ્યેય છે — તે પરમ શક્તિ છે. તે એક પરમ શક્તિ માણસ શોધી શકે છે અને પરમ શક્તિ ફક્ત એક પાસું છે : તે પાસાને સર્જન સાથે સંબંધ છે.

(શ્રી માતૃવાણી ગ્રંથ ૧૩ : ૨૨૩થી ૨૨૪)

*

## આખરે એક સ્થાન : અલગ પ્રકારનું શહેર

આખરે એવું કોઈ સ્થાન છે ખરું કે જ્યાં આપણે માત્ર પ્રગતિ કરવાનો અને આપણી જાતથી પર થઈ જવાનો વિચાર કરી શકીએ છીએ.

આખરે એવું કોઈ સ્થાન છે ખરું કે જ્યાં આપણે પ્રજાઓ અને ધર્મો અને મહત્ત્વાકાંક્ષાઓ વચ્ચેના કોઈ સંઘર્ષ વિના અને સ્પર્ધા વિના જીવી શકીએ છીએ.

આખરે એવું કોઈ સ્થાન છે ખરું કે જ્યાં કોઈ પણ વસ્તુને પોતે જ એકમાત્ર સત્ય છે એ રીતે પોતાની જાતને લાદવાનો હક રહેશે નહિ.

(દક્ષિણા : પૃ. ૧૯ સળંગ અંક ૭૫-૭૬ : ફેબ્રુ-એપ્રિલ ૧૯૬૬)

*

## આશ્રમ અને ઑરોવિલ

આશ્રમ કેન્દ્રસ્થ ચેતના છે, ઑરોવિલ એક બાહ્ય અભિવ્યક્તિ છે. બન્ને સ્થળે સરખી રીતે જ પ્રભુ માટે કાર્ય થાય છે.

જે લોકો આશ્રમમાં રહે છે તેમને પોતાનું કાર્ય છે અને તેઓ તે કાર્યમાં એટલા બધા વ્યસ્ત છે કે તેમને ઑરોવિલ માટે સમય આપવાનું શક્ય નથી.

દરેકે પોતાના કાર્યમાં વ્યસ્ત રહેવાનું છે. આ વસ્તુ યોગ્ય વ્યવસ્થા માટે જરૂરી છે.

(શ્રી માતૃવાણી ગ્રંથ ૧૩ : ૧૬૫)

*

**પ્રશ્ન : આશ્રમ અને ઑરોવિલ વચ્ચે શો તફાવત છે ?**

**ઉત્તર :** આશ્રમ આદિસ્થાપક તરીકેનું, પ્રેરણા અને માર્ગદર્શન આપનાર તરીકેનું કામ કરતો રહેશે. ઑરોવિલ સામૂહિક સાક્ષાત્કાર માટેનો પ્રયોગ બનશે.

જૂન ૧૯૬૮ **શ્રી માતાજી**

(દક્ષિણા : પૃ. ૨૦, સળંગ અંક ૭૭-૭૮ : પેજ : ૯૦)

*

આશ્રમના આદર્શ અને ઑરોવિલના આદર્શ વચ્ચે શો તફાવત છે ?

ભાવિ માટેના વલણમાં અને પ્રભુની સેવા માટે કોઈ પણ પ્રકારનો મૂલગત ભેદ નથી.

પરંતુ આશ્રમના માણસોએ યોગ માટે પોતાનું જીવન અર્પણ કરેલું ગણાશે (સિવાય કે વિદ્યાર્થીઓ જેઓ ચોક્કસ પોતાના અભ્યાસ માટે અહીં છે અને જેમની પાસે તેમના જીવન માટેની પસંદગીની અપેક્ષા આપણે રાખતા નથી).

જ્યારે ઑરોવિલમાં માનવજાતિ માટે એક સામૂહિક એકતાના પ્રયોગ માટે ફક્ત શુભનિષ્ઠા રાખવી એ તેમાં પ્રવેશ માટે પૂરતું નથી.

૧૦ નવેમ્બર ૧૯૬૯

(શ્રી માતૃવાણી ગ્રંથ ૧૩ : ૧૬૩-૬૪)

*

## યુનેસ્કો કમિટી માટેનું લખાણ

શ્રી અરવિન્દનાં દર્શનનું સઘન સ્વરૂપ આપવાનું કાર્ય શ્રી માતાજીને સોંપવામાં આવેલું. નવા જગતનું સર્જન, એક નવીન માનવજાતિ અને એક નવીન સમાજ જે નવી ચેતનાને અભિવ્યક્ત કરે અને અપનાવે, એવા એક નવીન સમાજનું કાર્ય તેમણે હાથ ઉપર લીધેલું છે. વસ્તુઓની પ્રકૃતિ અનુસાર તે એક સામૂહિક આદર્શ છે અને તે સામૂહિક પ્રયત્ન માગી લે છે જેથી કરીને તે સમગ્ર માનવ પરિપૂર્ણતામાં સાક્ષાત્કાર પામે.

માતાજીએ જે આશ્રમની સ્થાપના કરીને રચના કરી છે તે આ ધ્યેય પ્રત્યેનું પ્રથમ પગલું છે. ઑરોવિલની યોજના ત્યાર પછીનું પગથિયું છે, જે વધારે બાહ્ય રીતનું છે અને તે સામૂહિક માનવજીવનના આત્મા અને શરીર, આત્મા અને પ્રકૃતિ, સ્વર્ગ અને પૃથ્વી વચ્ચે સંવાદ સ્થાપન કરવા માટેના પ્રયત્નનો પાયો વિશાળ કરવા માટેની શોધ છે.

(શ્રી માતૃવાણી ગ્રંથ ૧૩ : ૧૬૪)

*

## UNESCO માટેનો સંદેશો

ઑરોવિલ પૃથ્વી ઉપર અતિમાનસની વાસ્તવિકતાના આગમનને ઝડપી બનાવવા માટે છે.

જે લોકોને લાગે કે જગત જેવું હોવું જોઈએ એવું નથી તે સર્વની મદદ આવકાર્ય છે.

દરેકે એ જાણવું જ પડશે કે તેણે જૂનું જગત જે મૃત્યુ માટે તૈયાર થયેલું છે તેની સાથે જોડાઈ રહેવું છે કે પછી એક નવીન અને વધારે સારું જગત જન્મ પામવા માટે તૈયાર થઈને રહેલું છે તેને માટે કાર્ય કરવું છે.

૧ ફેબ્રુઆરી ૧૯૭૨

(શ્રી માતૃવાણી ગ્રંથ ૧૩ : ૧૭૪)

*

# ઑરોવિલનો હેતુ

## નિકટવર્તી ભારે આપત્તિ અને ગૂઢ ક્રિયા

બધા દેશો હાલ જે દીન અવસ્થામાં છે તેના પ્રતિ હું બાહ્ય કારણોસર નિહાળી રહી હતી. સાચે જ પૃથ્વીની અવસ્થાઓ દુઃખદાયી અને ભયકારક છે. અને સર્વનો સમાવેશ કરતું દર્શન એ બતાવતું હતું કે રાષ્ટ્રોએ કેવી રીતે કાર્ય કર્યું હતું અને વધુને વધુ વધ્યે જતા જૂઠાણામાં તેઓ કેવી રીતે કાર્ય કરી રહ્યા છે. તેઓએ પોતાની સર્જનાત્મક શક્તિનો ઉપયોગ વિનાશનાં ભયાનક સાધનો સર્જવામાં કર્યો છે ! અને એમ કરવામાં એમના મનમાં એક એવો મૂર્ખ વિચાર રહેલો છે કે એનાથી થનારો વિનાશ એટલો તો ભયંકર હશે કે કોઈ પણ મનુષ્ય એ સાધનોનો ઉપયોગ કરશે નહિ. પરંતુ એ લોકો જાણતા નથી કે વસ્તુઓની પોતાની ચેતના હોય છે અને વિનાશનાં પેલાં સર્વ સાધનો પોતાનો ઉપયોગ થાય એને માટે દબાણ કરી રહ્યાં હોય છે. અને માણસો એ સાધનોનો ઉપયોગ કરવા ઇચ્છતા ન હોય તેમ છતાં એ માણસોના કરતાં વધુ બળશાળી એવી શક્તિ એમને એ સાધનોનો ઉપયોગ કરવા પ્રેરશે.

એટલે આ બધું નિહાળીને, ભારે આપત્તિ આવી રહેલી છે એવું જોઈને એક અભીપ્સા જાગી, એવી કોઈ વસ્તુને નીચે ઉતારી લાવવાની અભીપ્સા જાગી, પોકાર ઊઠ્યો, કે જે વસ્તુ આ ભૂલની અસરને નિષ્ક્રિય કરી દે. અને એ આવ્યું હતું, અભીપ્સાના પ્રતિઉત્તર રૂપે... મેં એ મારાં કર્ણો દ્વારા સાંભળ્યું હતું એમ હું ન કહી શકું; પરંતુ એ એટલું તો સ્પષ્ટ હતું, એટલું તો બળશાળી અને ચોક્કસ હતું કે એમાં વિવાદ સંભવી શકે જ નહિ, એ નિર્વિવાદ હતું. મને એને શબ્દોમાં ફેરવવાની ફરજ પડી રહી છે, એને જો હું શબ્દોમાં મૂકું તો તે આ મુજબ હું એને અભિવ્યક્ત કરી શકુંઃ ''એટલા માટે જ તેં ઑરોવિલનું સર્જન કર્યું છે.''

અને ઑરોવિલ એ શક્તિ અને સર્જનનું કેન્દ્ર હતું એવા સ્પષ્ટ દર્શન સહિત... સત્યનું બીજ છે અને જો એના અંકુર ફૂટે, બીજ વિકાસ પામે તો એ વિકાસની પ્રક્રિયા, શસ્ત્રીકરણની ભૂલનાં આપત્તિજનક પરિણામો સામેનો પ્રતિભાવ બની રહે.

The Mother : Conversations with a disciple, September 21, 1966)

*

## ઑરોવિલ : છેલ્લી આશા

મને આ બહુ જ રસપૂર્ણ લાગ્યું છે, કારણ ઑરોવિલનો જન્મ અગાઉ આવેલા વિચારનું પરિણામ નથી... હંમેશાની માફક એ હતી કાર્યસાધક શક્તિ, જાણે કે પૂરેપૂરી આવિર્ભાવની પ્રક્રિયા. એ એટલું તો સશક્ત હતું (ઑરોવિલનો વિચાર પોતે જ શ્રી માતાજી સમક્ષ રજૂ થયો

હતો ત્યારે) કે હું લોકોને કહી શકી હોત : ''તમે એમાં માન્યતા ન ધરાવો તો પણ, બધા જ સંજોગો પ્રતિકૂળ હોય એમ લાગતું હોય છતાં, હું એ જાણું છું કે ઑરોવિલ થઈને જ રહેશે. એ કદાચ સો વર્ષે બને, કદાચ હજાર વર્ષ લાગી જાય; પરંતુ ઑરોવિલ થઈને જ રહેશે. કારણ, એનું હુકમનામુ થઈ ચૂકયું છે.''

આમ એ નિર્મિત થઈ ચૂકયું છે — અને એકદમ સરળતાપૂર્વક એ થઈ આવ્યું છે. આદેશને આજ્ઞાંકિત થઈને, કોઈ પણ જાતના વિચાર વગર એનું નિર્માણ નિશ્ચિત થયું છે. અને મને જ્યારે જણાવવામાં આવ્યું હતું (હું આમ કહું છું, પરંતુ મને શું અભિપ્રેત છે તે તમે જાણો છો) મને એમ કહેવામાં આવ્યું હતું. ''આ છે કારણ, શા માટે તમે ઑરોવિલ બનાવ્યું છે તમે એનાથી અજાણ છો, પણ એટલા માટે જ...'' નિકટવર્તી મહા આપત્તિ સામેની એ છેલ્લી આશા છે. એટલા માટે એનું સર્જન કરવામાં આવી રહ્યું છે.'' આ સર્જન માટે બધા દેશોમાં કોઈ રસ જાગૃત કરવામાં આવે તો ધીરે ધીરે એની અંદર એવી શક્તિ આવી જશે જે શક્તિ બધા દેશોએ જે ભૂલો કરેલી છે તેની સામે પ્રતિકાર કરી શકે....

અને મને એ દર્શાવવામાં આવ્યું હતું ત્યારે સહજપણે હું એ સમજી ગઈ હતી. ઑરોવિલનું સર્જન અદશ્યમાં કેવું કાર્ય કરશે અને શું કાર્ય કરશે તે મેં જોઈ લીધું હતું. એ બાહ્ય, ભૌતિક પ્રકારનું કાર્ય નથી, એ છે અદષ્ટમાં થતું કાર્ય અને ત્યારથી જ હું બધા દેશો આ વાત સમજે એટલા માટે પ્રયત્નો કરતી રહું છું. આ પ્રયત્નો બાહ્ય રીતના નહિ (કારણ બધા દેશો એટલા બધા ચતુર છે, હોંશિયાર છે, એમને કશું શીખવાડી શકાય એમ છે જ નહિ) પરંતુ આંતરિક રીતે અદષ્ટમાં...

આ બધું માત્ર તમને એ જણાવવા પૂરતું કે બધાં રાષ્ટ્રો ઑરોવિલના કાર્યમાં સહકાર સાધે તો એનાથી એમનું ભલું થવાનું છે, એનાથી એમનું ઘણું ભલું થશે, એમનાં બાહ્ય કાર્યોની સરખામણીમાં ઘણું ઘણું વધારે ભલું.

(The Mother : Conversations with a disciple, September 21, 1966)

*

**ઑરોવિલનો આત્મા**

હું જ્યારે લોકોને એમ જણાવું છું કે પૃથ્વીના ઈતિહાસમાં વિશ્વના બધા સમુદાયોના સર્જન કરતાં ઑરોવિલનું સર્જન વધુ લાભદાયી છે ત્યારે લોકો મારી આ વાત માનતા નથી. એમને માટે આ વાત સંપૂર્ણપણે બિનમહત્ત્વની બની રહી છે....

એક વખત મેં શ્રી અરવિન્દને પૂછયું હતું; કારણ અમે બંનેએ ઑરોવિલ વિશે ઘણી બધી વાતો કરી હતી. તે સમયે ઘણી બધી મુશ્કેલીઓ પણ હતી. એટલે મેં એમને પૂછયું હતું અને તેમણે જવાબ આપ્યો હતો : 'સામાન્ય સંઘર્ષ ટાળવા માટે માણસોને માટે આ મહાન તક છે.' મને લાગે છે આ વિશે મેં તમને અગાઉ જણાવ્યું હતું.

એટલે શ્રી અરવિન્દે મને એ જણાવ્યું ત્યારથી હું ખૂબ નિષ્ઠાપૂર્વક કાર્ય કરી રહી છું. એ 'કહેવામાં' આવ્યું હતું એમ નહિ, એ 'જીવી જાણવામાં' આવ્યું હતું.

મને સ્પષ્ટપણે એ દેખાઈ રહ્યું છે કે લોકો આ વાતમાં માન્યતા ધરાવતા નથી, એક પણ વ્યક્તિ એવી નથી, જે આ અનુભવતી હોય. અને ઑરોવિલના આત્માનું સઘન મૂર્ત સ્વરૂપ હજુ અસ્તિત્વમાં આવ્યું નથી, એ અસ્તિત્વ ધરાવતો જ નથી, પૃથ્વીના વાતાવરણમાં 'ઑરોવિલના આત્મા'ની રચના થઈ નથી. જે આત્મા છે... (લાંબા સમય સુધી શ્રી માતાજી પૂરેપૂરા ધ્યાનલીન રહે છે)... એના મૂળમાં એ છે : 'જટિલતાઓમાંથી એકતા તૈયાર કરવાની એ છે કળા'. એકસમાનતા વગરની એકતા, તમે સમજ્યા ? જટિલતામાં એકતા, સંવાદિતા દ્વારા, જેમાં પ્રત્યેક વસ્તુ એના સ્થાનમાં હોય...

પરંતુ શ્રી અરવિન્દના કહેવાનો અર્થ એ હતો કે એ હિલચાલ, સામાન્ય હિલચાલ, એ હતી મહા આપત્તિ પરત્વેની હિલચાલ. અને આ (ઑરોવિલનું સર્જન) શક્તિના પ્રવાહને બીજી દિશામાં વાળવા માટેનો પ્રયત્ન છે.

(The Mother : Conversations with a disciple, September 25, 1967)

*

## રૂપાંતરનું કેન્દ્ર

ઑરોવિલનો હેતુ છે પૃથ્વી ઉપર અતિમાનસના આગમનને ઝડપી બનાવવું. જે લોકો એ સમજ્યા છે કે વિશ્વ જેવું હોવું જોઈએ એવું નથી તેમની મદદ આવકાર્ય છે. પ્રત્યેક વ્યક્તિએ જાણી લેવું જોઈએ કે પોતે મૃત્યુને આરે ખડા જૂના વિશ્વ સાથે પોતાને સાંકળવા માગે છે કે પછી જન્મ લેવા તૈયાર એવા નવીન અને વધુ સારા જગત સાથે જોડાવા માગે છે.

(The Mother : Conversations with a disciple, 1st February 1972)

*

**પ્રશ્ન :** માનવજાતિની પીડા તેમ જ સમાજની અવ્યવસ્થાનું ઑરોવિલ શું એક માત્ર નિરાકરણ છે ?

**ઉત્તર :** માત્ર નિરાકરણ જ નહિ. એ છે રૂપાંતરનું કેન્દ્ર. માનવોનો મધ્યવર્તી સમુદાય, જે માનવો પોતાનું રૂપાંતર સિદ્ધ કરી રહ્યા છે અને જગત સમક્ષ ઉદાહરણ પૂરું પાડી રહ્યા છે. ઑરોવિલ આ બની રહેવાની આશા સેવે છે. જ્યાં સુધી અહંકારી વલણ અને દુર્ભાવના વિશ્વમાં અસ્તિત્વ ધરાવે છે ત્યાં સુધી સામાન્ય રૂપાંતર થવું અશક્ય છે. (CWM 13 : 219)

*

## સાચી સ્વતંત્રતા

ઑરોવિલમાંથી કોઈ વ્યક્તિએ મને લખી જણાવ્યું હતું કે તેનો વિચાર એવો હતો કે તે ઑરોવિલમાં આવી છે તે અન્ય કોઈની આજ્ઞા ધારણ કરવા માટે નહિ; માત્ર પોતાની જ આજ્ઞા પાળવા માટે. અને એ વ્યક્તિએ જોયું કે ઑરોવિલમાં તો નિયમો છે અને કાયદાઓ પણ છે. અને તેણે જણાવ્યું હતું : હું આમાંની કોઈ પણ વસ્તુ કરીશ નહિ, હું મુક્ત માનવી છું.' અને તેણે નિયમોને અનુસરવાની ના પાડી દીધી. સ્વાભાવિક રીતે મને એ વિશે જણાવવામાં આવ્યું હતું. મેં એ વ્યક્તિને લખી જણાવ્યું હતું : 'વ્યક્તિ જ્યારે ઈશ્વર વિશે સભાન હોય છે અને દરેક વ્યક્તિની અંદર ઈશ્વર જ નિર્ણય લેતા હોય છે એ હકીકત પ્રત્યે પોતે સભાન હોય ત્યારે જ એ સ્વતંત્ર હોઈ શકે છે. એમ ન હોય ત્યારે વ્યક્તિ પોતાની કામનાઓ, પોતાની ટેવો, તથા સર્વે રૂઢિઓની ગુલામ જ હોય છે.''

મેં એ વ્યક્તિને આ લખાણ મોકલ્યું હતું અને પછી એ વ્યક્તિ શાન્ત થઈ ગઈ હતી.

(The Mother : Conversations with a disciple, 2nd February 1970)

*

# ભાવિ શહેરનું નિર્માણ

### સત્યનિષ્ઠા જરૂરી

લોકોને આ અનુભવ થવો જ જોઈએ, એ લાગણી એટલી તો બળશાળી હોવી જોઈએ કે સત્યનિષ્ઠાની શક્તિ માત્ર એમને દોરી જશે – લોકોને આ જ અનુભવ થવો જોઈએ. એ બિંદુએ આપણે જે હોવા જોઈએ તે બની રહીશું. સાક્ષાત્કારની શક્તિ – સાક્ષાત્કારની સત્યનિષ્ઠા એ એવી છે કે જેઓ સત્યનિષ્ઠ નથી તે એ શક્તિને સહી શકતા નથી.

પૂરેપૂરી સત્યનિષ્ઠા સહિત આપણે ઈશ્વરને પક્ષે હોઈએ તો આપણે બધા જે હોવા જોઈએ તે જ બની રહીએ. શ્રી અરવિન્દે આ જ વસ્તુ હંમેશાં જણાવી છે : માનવો જો માત્ર આ જ વસ્તુ જાણી લે – પૂરેપૂરી સત્યનિષ્ઠાથી તેઓ ઈશ્વરને સમર્પિત થઈ જાય, ઈશ્વરને પક્ષે રહે, તો તેઓ જે હોવા જોઈએ તે જ બની રહે.

એને માટે સમય લાગી જાય, મુશ્કેલીઓ અને તોફાનો આવી શકે – તમારે અણનમ રહેવું જોઈએ. પરિસ્થિતિ ગમે તે હોય, સર્વ મુશ્કેલીઓ હોય છતાં – ‘હું ઈશ્વર માટે તેમ જ ઈશ્વરના આવિર્ભાવ માટે જ છું.’ તો એ છે સર્વશક્તિમત્તા. – મૃત્યુ ઉપર પણ.

આવતી કાલે જ આ થવું જોઈએ, તુર્ત જ આ થવું જોઈએ એમ હું નથી જણાવતી, પણ… આ નિશ્ચિતતા છે.

(The Mother : Conversations with a disciple, April 4, 1972)

*

### ઑરોવિલમાં નિવાસ માટેની શરતો

મનોમય દૃષ્ટિબિંદુએ જરૂરી શરતો છે :

૧) માનવજાતિની અનિવાર્ય એવી એકતાની દઢ ખાતરી હોવી અને એ એકતાને મૂર્ત રૂપ આપવાના કાર્યમાં સહકાર સાધવો.

૨) ભાવિ સાક્ષાત્કારો સિદ્ધ કરી આપે એવી સર્વ વસ્તુઓમાં સહકાર સાધવાનો સંકલ્પ કેળવવો.

સાક્ષાત્કાર જેમ જેમ સિદ્ધ થતો જશે તેમ તેમ સ્થૂળ શરતો તૈયાર થતી રહેશે.

(CWM 13 : 191)

*

ભવિષ્યમાં આગળ વધવા માટે બધા જ નૈતિક તેમ જ ભૌતિક ફાયદાઓનો ત્યાગ કરવા તૈયાર રહેવું જોઈએ જેથી ભવિષ્ય આપણને જે આપી શકે તે આપણે પ્રાપ્ત કરી શકીએ તે પ્રકારના ઘણા ઓછા માણસો છે; પરંતુ ઘણાખરા તો એવા પ્રકારના માણસો છે જેમને

દિવ્ય ભાવિ જે લાવી આપે તે ગ્રહણ કરવું પસંદ પડે પરંતુ તેમની પાસે જે છે તેને નવી સમૃદ્ધિ પ્રાપ્ત કરવા માટે છોડવું નથી.

૫ ઑગસ્ટ ૧૯૬૮

*

કામનાઓના સંતોષ માટે અને સુગસગવડ માટે વ્યક્તિને ઑરોવિલમાં આવવાનું નથી; ચેતનાની વૃદ્ધિ માટે અને સત્ય પ્રત્યે સમર્પણ માટે સિદ્ધિ પ્રાપ્ત કરવાની છે.

ઑરોવિલના સર્જનમાં ભાગ લેવા માટે નિઃસ્વાર્થી રહેવું એ પ્રથમ જરૂરિયાત છે.

૫ નવેમ્બર ૧૯૬૮

*

દિવ્ય માતાજી,

ઑરોવિલની રચના માનવીની આધ્યાત્મિક્તાના સ્વીકાર ઉપર કેટલો આધાર રાખે છે ?

આધ્યાત્મિકતા અને ભૌતિક જીવન વચ્ચેનો વિરોધ, બન્ને વચ્ચે વિભાજનનો મારા માટે કોઈ અર્થ નથી. કારણ કે સત્ય એ છે કે જીવન અને આત્મા એક છે અને ભૌતિક કાર્યમાં તથા તેના દ્વારા જ પરમ આત્મતત્ત્વનો આવિર્ભાવ થવાનો છે.

(શ્રી માતૃવાણી ગ્રંથ ૧૩ : ૧૫૬-૧૫૭)

*

(ઑરોવિલના પ્રથમ જન્મદિવસનો સંદેશ)

માત્ર પ્રભુની સાથેના ઐક્યમાં જ સ્વતંત્રતા શક્ય છે. પ્રભુની સાથે ઐક્ય સાધવા માટે વ્યક્તિએ પોતાની અંદર કામનાની શક્યતા ઉપર પણ કાબૂ મેળવેલો હોવો જોઈએ.

૨૮ ફેબ્રુઆરી, ૧૯૬૯

*

ઑરોવિલમાં આપણે જે મુક્તિની માગણી કરીએ છીએ તે સ્વચ્છંદતા નથી. સમગ્રની વ્યવસ્થાના કલ્યાણને બદલે દરેકને પોતાને પસંદ પડે તે પ્રમાણે વર્તન કરવું એ મુક્તિ નથી.

(શ્રી માતૃવાણી ગ્રંથ ૧૩ : ૧૬૦-૬૧)

*

## ઑરોવિલ અને ધર્મો

આપણે સત્ય માગીએ છીએ.

મોટા ભાગના માણસો પોતાને જે જોઈતું હોય છે તેને સત્યનું નામ આપતા હોય છે. ઑરોવિલવાસીઓએ સત્યને જ માગવું જોઈએ પછી તે ગમે તે રૂપનું હોય.

*

ઑરોવિલ જે લોકો તત્વતઃ દિવ્ય જીવન ગાળવા માગે છે પણ જે બધા ધર્મોનો, પછી તે પ્રાચીન હો, અર્વાચીન હો, નવા હો કે ભવિષ્યના હો, ત્યાગ કરી દે છે તેમને માટે છે.

*

સત્યનું જ્ઞાન માત્ર અનુભૂતિ દ્વારા જ થાય છે.
જેને પ્રભુનો અનુભવ થયો નથી તેણે પ્રભુ વિશે કાંઈ બોલવું ન જોઈએ.
પ્રભુને જાણી લો, પછી તમે એને વિશે બોલી શકશો.

*

ધર્મોનો વસ્તુગત રીતે અભ્યાસ માનવ ચેતનાના વિકાસના ઐતિહાસિક અભ્યાસના એક ભાગ તરીકે થશે.

ધર્મો માનવજાતિના ઇતિહાસના એક ભાગ રૂપે છે અને આ રૂપે તેમનો ઑરોવિલમાં અભ્યાસ થશે. માણસોએ વળગી રહેવાની યા તો વળગી ન રહેવાની માન્યતાઓ તરીકે નહિ, પણ માનવ ચેતનાના વિકાસની પ્રક્રિયા તરીકે, અને આ પ્રક્રિયા માનવને તેના ઊર્ધ્વ સાક્ષાત્કારમાં લઈ જનારી બનવી જોઈએ.

*

**કાર્યક્રમ**

પરમ સત્યની અનુભૂતિ દ્વારા થતું
સંશોધન.
દિવ્ય જીવન,
પણ
ધર્મો નહિ.

*

આપણું સંશોધન ગુહ્ય સાધનો દ્વારા થતું સંશોધન નહિ હશે. આપણે જીવનની પોતાની અંદર જ પ્રભુને પામવા માગીએ છીએ. અને આ શોધ દ્વારા જ જીવનને ખરેખરું બદલી શકાય છે.

૨ મે, ૧૯૭૦ — શ્રી માતાજી

(દક્ષિણા; પુ. ૨૧; સળંગ અંક ૮૨; નવેમ્બર ૧૯૭૦; પાન નંબર ૧૧૦.)

*

ગુહ્ય સાધનો દ્વારા એટલે હું એમ કહેવા માગું છું કે એવા લોકોનો માર્ગ જેઓ જીવનમાંથી પાછા હઠી જાય છે, સાધુઓ માફક, જેઓ મઠમાં પુરાઈ જાય છે અથવા અહીંના સંન્યાસીઓની માફક, જેઓ આધ્યાત્મિક જીવનમાં ભેદ પાડે છે અને કહે છે, ''કાં તો આ જીવન અથવા પેલું બીજું જીવન ? અમે કહીએ છીએ કે ''તે સાચું નથી''. જીવનમાં જ અને સમગ્ર જીવન જીવતાં જ વ્યક્તિ

આધ્યાત્મિક જીવન જીવી શકે છે. વ્યક્તિએ આધ્યાત્મિક જીવન જીવવું જ જોઈએ. પરમ ચેતનાને અહીં ઉતારી લાવવાની છે. કેવલ સ્થૂલ અને શારીરિક દૃષ્ટિબિંદુથી પણ માનવજાતિ એ છેવટની જાતિ નથી. જેમ માનવી પ્રાણી પછી આવ્યો તેમ માનવ પછી બીજી જાતિનું અસ્તિત્વ આવી શકે. અને ચેતના એક જ હોવાથી, એ એક જ ચેતના માનવચેતનાનો પૂરો અનુભવ લેશે. એટલે જો આપણે જીવનમાંથી ચાલ્યા જઈએ તો જીવનનો ત્યાગ કરીએ, જીવનનો ઇન્કાર કરીએ તો પછી આપણે તેના માટે તૈયાર થઈ શકીએ નહિ.

પરંતુ જો તમે શ્રી અરવિન્દને વાંચ્યા હોય તો તમે સમજી શક્યા હોત અને તમે આ પ્રશ્ન પૂછયો ન હોત. એ એટલા માટે કે બૌદ્ધિક દૃષ્ટિબિંદુથી તૈયારીની ખામી છે. તમારે અભ્યાસ કર્યા વગર બધું જાણવું છે. (શ્રી માતૃવાણી ગ્રંથ ૧૩ : ૨૮૨)

*

## ઊર્ધ્વ સત્યના સંદર્ભે સત્ય શું છે ?

**ધર્મનો ખ્યાલ ઘણે ભાગે પ્રભુની શોધ સાથે સંકળાયેલો હોય છે. આ સંદર્ભમાં જ આપણે ધર્મને સમજવો જોઈએ ? ખરું જોતા ધર્મનાં હાલમાં બીજાં સ્વરૂપો નથી ?**

જગતના અથવા વિશ્વના કોઈ પણ ખ્યાલને ધર્મનું નામ આપીને તેને આપણી સમક્ષ એકમાત્ર સત્ય તરીકે રજૂ કરવામાં આવે છે; તેમાં વ્યક્તિએ પૂર્ણ શ્રદ્ધા રાખવી પડે, કારણ કે આ સત્યને એક પ્રકાશના પરિણામ રૂપે જાહેર કરવામાં આવે છે.

ઘણાખરા ધર્મો પ્રભુની હસ્તીને માન્ય રાખે છે અને તેને આજ્ઞાધીન બનવા માટે અનુસરણ કરવાના નિયમો આપે છે; પરંતુ કેટલાક પ્રભુવિહીન ધર્મો હોય છે, જેવા કે સામાજિક, રાજકીય સંગઠનો, જે એક આદર્શ અથવા દેશના નામે આજ્ઞા પળાવવા માટેનો એ જ પ્રમાણેનો હક માગે છે.

મુક્ત રીતે સત્યનું સંશોધન કરવું અને મુક્ત રીતે તેની સાથે પોતાની રીતે અભિગમ કરવો એ માનવનો અધિકાર છે. પરંતુ દરેકે જાણવું જોઈએ કે તેની શોધ તેના પોતાના જ માટે સારી છે અને તેને બીજાઓ ઉપર લાદવી જોઈએ નહિ.

(શ્રી માતૃવાણી ગ્રંથ ૧૩ : ૧૬૬-૧૬૭)

*

જે લોકો વસ્તુઓની અંગત માલિકી ન હોવાનો આનંદ અને એની મુક્તિનો અનુભવ કરવા માગતા હોય તેમને માટે ઑરોવિલ આદર્શ સ્થાન છે.

*

## સાચા ઑરોવિલિયન બનવા માટે

૧. પહેલી જરૂરની વસ્તુ એ છે કે આપણે એક આંતરિક શોધ કરી લેવાની છે. એ શોધ થતાં આપણે જાણતા થઈએ છીએ કે આપણે આપણા સામાજિક, નૈતિક, સાંસ્કારિક, જાતિ અંગેનાં અને આનુવંશિક બાહ્ય સ્વરૂપોની પાછળ ખરેખર કોણ છીએ.

આપણા અંતરતમ કેન્દ્રમાં એક મુક્ત સ્વરૂપ રહેલું છે, એ વિશાળ છે અને જ્ઞાની છે,

આપણે તેને શોધી લઈએ એની રાહ જોતું તે બેઠેલું છે અને એ મુક્ત સ્વરૂપ આપણા સ્વરૂપનું તથા ઑરોવિલમાંના આપણા જીવનનું સક્રિય કેન્દ્ર બનવું જોઈએ.

૨. આપણે ઑરોવિલમાં નૈતિક અને સામાજિક રૂઢિઓમાંથી મુક્ત થવાને માટે રહીએ છીએ; પણ આ સ્વતંત્રતા તે અહંકારની, તેની ઇચ્છાઓ અને મહત્ત્વાકાંક્ષાઓની એક નવી ગુલામી ન બનવી જોઈએ.

ઇચ્છાઓની તૃપ્તિ આંતર શોધના માર્ગને બંધ કરી દે છે. એ આંતર શોધ સંપૂર્ણ અનાસક્તિની શાંતિમાં અને પારદર્શિતામાં રહીને જ થઈ શકે છે.

૩. ઑરોવિલવાસીમાંથી વસ્તુઓના માલિકીપણાની ભાવના ચાલી જવી જોઈએ.

સ્થૂલ જગતમાંના આપણા પ્રવાસ માટે, જે વસ્તુ આપણા જીવન માટે તથા આપણા કાર્ય માટે જરૂરની હોય છે તે, જગતમાં આપણું જે સ્થાન હોવું જોઈએ તે મુજબ આપવામાં આવે છે.

આપણા આંતરસ્વરૂપ સાથે આપણો સંપર્ક જેટલો વધારે સભાન હોય છે તેટલા પ્રમાણમાં આપણને વધુ ચોક્કસ સાધનો આપવામાં આવે છે.

૪. આ આંતર શોધ માટે કાર્ય, શારીરિક કાર્ય પણ એક અનિવાર્ય વસ્તુ છે. આપણે જો કાર્ય નથી કરતા, આપણી ચેતનાને જો જડતત્ત્વમાં દાખલ નથી કરતા તો તે કદી વિકાસ પામતું નથી. આપણી ચેતના શરીર દ્વારા જડતત્ત્વના થોડાક ભાગને પણ વ્યવસ્થિત કરે એ ઘણી સારી વસ્તુ છે. આપણી આસપાસ સુવ્યવસ્થાની સ્થાપના કરીશું તો આપણી પોતાની અંદર સુવ્યવસ્થા રચવામાં મદદ થશે.

આપણે જીવનને બાહ્ય અને કૃત્રિમ સાધનો દ્વારા નહિ પણ એક વ્યવસ્થિત બનેલી આંતર ચેતના દ્વારા વ્યવસ્થિત કરવાનું છે, કારણ કે આપણે જો જીવનને તેમાં એક ઊર્ધ્વ ચેતનાનો કાબૂ મૂક્યા વિના વહેવા દઈશું તો તે શિથિલ અને અભિવ્યક્તિ વિનાનું બની જશે. એ જીવન પછી સમય બગાડવા જેવું થાય છે — એ અર્થમાં કે જડતત્ત્વ તેનો કશો સભાન ઉપયોગ થયા વિનાનું રહી જાય છે.

૫. આખીયે પૃથ્વીએ આ નવી માનવજાતિના આગમન માટે પોતાને તૈયાર કરવાની છે અને ઑરોવિલ એ આગમનને વેગ આપવાને માટે કાર્ય કરવા ઇચ્છે છે.

૬. આ નવી માનવજાતિ કેવી હશે એ આપણને થોડે થોડે બતાવવામાં આવશે, અને ત્યાં સુધીમાં આપણે પ્રભુને આપણું પૂર્ણ સમર્પણ કરીએ એ જ સારામાં સારું કામ છે.

૧૩-૬-૭૦

(બુલેટિન, ઓગષ્ટ ૧૯૭૦) **શ્રી માતાજી**

(દક્ષિણાઃ પુ. ૨૧; સળંગ અંક ૮૨; નવેમ્બર, ૧૯૭૦; પાન નંબર ૧૧૧)

*

## હમેશાં પ્રગતિ કરવાની જ હોય છે

વ્યવહારુ રીતે, સૌથી પ્રથમ તો તમને તમારા ધ્યેયનું એક ઘણું સ્પષ્ટ દર્શન હોવું જોઈએ. તમે ક્યાં જઈ રહ્યા છે. આ દૃષ્ટિબિંદુથી પૈસાનો દૃષ્ટાંત લો. એક એવો આદર્શ જે અમુક વર્ષો પછીથી ભવિષ્ય ઉપરનો હોય જેને આપણે જાણતાં નથી. પૃથ્વી ઉપર એવી શક્તિ હોવી જોઈએ જે કોઈની માલિકીની ન હોય અને તે હાલમાં રહેલા સૌથી વધારે વૈશ્વિક જ્ઞાન ધરાવતા માનવીઓના કાબૂમાં હોવી જોઈએ. પૃથ્વી ઉપર એવી વ્યક્તિને મૂકો જેનામાં પૂરતા પ્રમાણમાં એવી વિશાળ દૃષ્ટિ હોય જે પૃથ્વીની જરૂરિયાતોને જાણી શકે અને પૂરતી સ્પષ્ટ રીતે કહી શકે કે પૈસો ક્યાં જવો જોઈએ. તમે સમજ્યા, આપણે તેનાથી ઘણે ઘણે દૂર છીએ. શું એવું નથી ? તેમ છતાં એક સદ્‌ગૃહસ્થ એમ કહે છે, ''આ વસ્તુ મારી છે'' અને તે જ્યારે ઉદાર બને ત્યારે કહે છે, ''આ તને હું આપું છું'' તે બરાબર નથી.

પરંતુ આપણે અત્યારે જે છીએ અને આપણે જે બનવું જોઈએ તેની વચ્ચે ઘણો લાંબો માર્ગ છે અને તેને માટે આપણે ઘણા નમનીય બનવું જોઈએ અને આપણું લક્ષ્ય ચૂકવું ન જોઈએ. આપણે જાણવું જોઈએ કે આપણે એક જ કૂદકાએ ત્યાં પહોંચી શકીએ નહિ, છતાં આપણે રસ્તો શોધવો જ જોઈએ. વારુ, તે ઘણું મુશ્કેલ છે, એક આંતરિક શોધ કરતાં પણ ઘણું મુશ્કેલ, ખરી રીતે તો અહીં આવતાં પહેલાં એ કાર્ય કરવું જોઈતું હતું.

કારણ કે એક પ્રસ્થાનબિંદુ હોય છે; જ્યારે તમે તમારી પોતાની અંદર એવો પ્રકાશ શોધી શકો જે કદી ડગે નહિ, એવી હાજરી જે તમને ખાતરીપૂર્વકનું માર્ગદર્શન આપે ત્યારે તમે સભાન બનશો કે હંમેશાં જે કોઈ વસ્તુ બને છે તેમાં કાંઈક શીખવાનું હોય છે અને આ પરિસ્થિતિમાં હંમેશાં કાંઈક પ્રગતિ કરવાની હોય છે. દરેકે દરેક મિનિટે, કોઈ પ્રગતિ કરવાની આતુરતાથી આવવું જોઈએ. એક એવા પ્રકારનું જીવન જેને વિકાસ સાધવો છે અને પૂર્ણ બનવું છે : ઑરોવિલ શું બનવું જોઈએ તેના માટે એક સામૂહિક આદર્શ હોવો જોઈએ, ''એક એવું જીવન જેને વિકાસ કરવો છે અને પૂર્ણ બનવું છે.'' અને તેનાથી વધારે અગત્યનું તો છે, દરેક માટે એકસરખી રીતનું જીવન નહિ — પરંતુ દરેકની પોતાની સ્વતંત્ર રીતનું જીવન.

(શ્રી માતૃવાણી ગ્રંથ ૧૩ : ૨૬૪-૨૬૫)

*

**માનવ એકતા દ્વારા શાંતિ :**

એકસરખાપણું દ્વારા એકતા એ મૂર્ખતા છે.

અનેક લોકોના ઐક્ય દ્વારા જ એકતા સિદ્ધ થવી જોઈએ. પ્રત્યેક વ્યક્તિ એકતાનો અંશ છે; સમગ્ર માટે પ્રત્યેક વ્યક્તિ અનિવાર્ય છે.

(CWM 13 : 202)



## આધ્યાત્મિક સૌન્દર્યની શક્તિ (ઑરોવિલનું આધ્યાત્મિક સૌન્દર્ય)

**આધ્યાત્મિક સૌન્દર્યમાં સંસર્ગની શક્તિ હોય છે.**

**શ્રી માતાજીએ આ પુષ્પને આપેલું આધ્યાત્મિક નામ**

Botanical Name : Hibiscus Hawaiian

**દરેક માણસની પાસે તેનો પોતાનો ઉકેલ હોય છે અને તે જ મોટી મુશ્કેલ વસ્તુ છે. સત્યમાં રહેવા માટે દરેક પોતાનો ઉકેલ તૈયાર રાખે છે. અને તેમ છતાં આ બધા ઉકેલો એકસાથે કાર્ય કરી શકે તેવો રસ્તો આપણે શોધવો જોઈએ.**

**એટલે કે માળખું વિશાળ, ખૂબ નમનીય હોવું જોઈએ અને દરેકે ખૂબ શુભેચ્છા રાખવી જોઈએ; એ પ્રથમ શરત છે, શુભનિષ્ઠા. દરેક ક્ષણે ઉત્તમ વસ્તુ કરવા માટે પૂરતા નમનીય બનવું જોઈએ.**

(શ્રી માતૃવાણી ગ્રંથ ૧૩ : પૃ. ૨૬૪)

## ચેતનાના વિકાસને કોઈ મર્યાદા નથી

વારુ, તમારામાંથી તમે ત્રીસ માણસો છો, તે મુશ્કેલ છે, નથી ? જ્યારે તમે ત્રીસ હજાર બનશો ત્યારે તે સહેલું બનશે, કારણ કે સ્વાભાવિક રીતે જ ઘણી શક્યતાઓ થશે. તમે પાયો નાખનાર છો, તમારી પાસે સૌથી અઘરું કાર્ય છે, પરંતુ મને લાગે છે તે ખૂબ રસિક વસ્તુ છે. કારણ કે તમારે એક સઘન, ટકાઉ અને વિકાસ પામતું વલણ અપનાવવાનું છે જે સાચા ઑરોવિલિયન બનવા માટે જરૂરી છે. સાચા ઑરોવિલયન બનવા માટે દરરોજ એક પાઠ શીખવાનો છે. દરરોજનું પ્રભાત, દરેક દિવસે દરેક પાઠ શીખવા માટે એક તક છે. તમારા મનની અવસ્થા તમે શોધી કાઢો — દરેકે તે પ્રમાણે કરવાનું.


અને શરીરને પણ પ્રવૃત્તિ જોઈએ. જો તમે તેને નિષ્ક્રિય રાખો તો પછી તે માંદું પડીને બળવો કરશે. તેને પ્રવૃત્તિની જરૂર છે. તેને ખરેખર પ્રવૃત્તિની જરૂર છે, જેવી કે ફૂલો ઉગાડવાં, ઘર બાંધવું, કોઈક ખરેખર ભૌતિક વસ્તુ. કેટલાક લોકો કસરત કરે છે, કેટલાક સાયકલ ફેરવે છે — અસંખ્ય પ્રકારની પ્રવૃત્તિઓ છે; પરંતુ તમારા નાનકડા સમૂહમાં તમારે બધાએ સહમત થવું જોઈએ જેથી કરીને દરેકના સ્વભાવ અને પ્રકૃતિ તથા જરૂરિયાત મુજબ તે પ્રવૃત્તિ શોધી શકે. પરંતુ વિચારોની નહિ. વિચારો બહુ સારા હોતા નથી, વિચારો તમને ખોટા ખ્યાલો આપે છે, દા.ત. ''તે સારું કાર્ય છે, તે કાર્ય મારા માટે લાયક નથી.'' કોઈ પણ કાર્ય ખરાબ નથી, કાર્ય કરનાર તેને ખરાબ કરે છે. તમે જ્યારે જાણો કે સાચી રીતે કાર્ય કેમ કરવું ત્યારે બધાં જ કાર્યો સારી રીતે થાય છે; એ એક પ્રકારનો પરસ્પર વ્યવહાર છે. જો તમે એક આંતરિક પ્રકાશ વિશે સભાન બનો તો તમે જોઈ શકશો કે તમારા શ્રમના કાર્યમાં પણ જાણે કે તમે પ્રભુને નીચે વસ્તુઓમાં બોલાવો છો; પછીથી તમારું આત્મૈક્ય ઘણું સઘન બને છે. તેમાં એક આખા વિશ્વની શોધ રહેલી છે અને તે અદ્‌ભુત છે.

તમે યુવાન છો, તમારી પાસે પુષ્કળ સમય છે અને યુવાન બનવા માટે, ખરેખર યુવાન રહેવા માટે આપણે સતત, હંમેશાં વૃદ્ધિ પામવાનું છે, વિકાસ સાધવાનો છે અને પ્રગતિ કરવાની છે. વિકાસ પામવો એ યુવાનીની નિશાની છે અને ચેતનાના વિકાસ માટે કોઈ મર્યાદા નથી. હું વીસ વર્ષના વૃદ્ધ માણસને પણ જાણું છું અને પચાસ, સાઠ કે સિત્તેર વર્ષના યુવાનને પણ ઓળખું છું. અને માણસ જો મહેનતનું કામ કરે તો તેની તંદુરસ્તી સારી રહેશે.

(શ્રી માતૃવાણી ગ્રંથ ૧૩ : પૃ. ૨૬૫-૨૬૬)

*

# ઑરોવિલનું પ્રતીક



કેન્દ્રમાં રહેલું ટપકું પરમ ઐક્યતા, પરમ પ્રભુનું પ્રતીક છે; આંતર વર્તુળ સર્જન — નગર — નો ખ્યાલ રજૂ કરે છે; પાંદડીઓ અભિવ્યક્તિની શક્તિ, સાક્ષાત્કારનું પ્રતીક છે.

*

મૃત્યુ પામતાં પહેલાં જૂઠાણું સૌથી ઊંચી ટોચ ઉપર હોય છે.

તેમ છતાં લોકો જ્યારે કમનસીબીનો પાઠ મેળવે છે ત્યારે જ સમજે છે. તેમની આંખો સત્ય પ્રત્યે ખુલ્લી થાય તે પહેલાં તેણે (કમનસીબીએ) આવવું જ જોઈએ ? હું દરેકને કહું છું કે તમે એવો પ્રયત્ન કરો કે જેથી તેની આવવાની શક્યતા જ ન રહે.

ફક્ત સત્ય જ આપણને બચાવશે; શબ્દોમાં સત્ય, કાર્યમાં સત્ય, સંકલ્પમાં સત્ય અને લાગણીઓમાં સત્ય.

સત્યની સેવા અથવા વિનાશ, એ બે વચ્ચેની એ એક પસંદગી છે.

(શ્રી માતૃવાણી ગ્રંથ ૧૩ : પૃ. ૧૭૨ ને ૧૭૬)

*

**સામાજિક જીવનનું નૂતન સ્વરૂપ**

**(કોઈએ ઑરોવિલ બાળકના જન્મ માટે યોગ્ય તૈયારીઓ વિશે પૂછ્યું. માતાજીએ સલાહ આપી કે ફક્ત ડૉક્ટર અને પિતાએ જ હાજર રહેવું અને વધારામાં કહ્યું :)**

સૌથી વધારે અગત્યની વસ્તુ છે કે એક શાંત વાતાવરણમાં બિલકુલ સ્થિર રહેવું, જેથી કરીને દિવ્ય શક્તિ કોઈ પણ ખલેલ વગર પોતાનું કાર્ય કરી શકે.

૧૯૬૭

*

...ચોક્કસ, લગ્નનો સમગ્ર વિચાર જ રમૂજી છે કારણ કે હું તે વસ્તુને બાલિશ ગણું છું.

તમે જાણો છો કે ઑરોવિલમાં લગ્નો હશે નહિ. જો કોઈ પુરુષ અને સ્ત્રી એકબીજાને ચાહે અને તેમની સાથે રહેવાની ઇચ્છા હોય તો કોઈ પણ જાતની વિધિ વગર તેઓ તેમ કરી શકે છે. જો તેમને છૂટાં પડવું હોય તો પણ તેઓ મુક્ત રીતે તે પ્રમાણે કરી શકે છે. જ્યારે લોકો એકબીજાને ચાહતાં બંધ થાય ત્યાર પછી શા માટે તેઓને સાથે રહેવા માટે ફરજ પાડવી જોઈએ ? આ બાબતમાં જો લોકો મુક્ત હોય તો ઘણા સંખ્યાબંધ ગુનાઓ અટકાવી શકાય. તે લોકોને એકબીજાની વસ્તુઓ છુપાવવી ન પડે અથવા છૂટા થવા માટે ગુનાઓનું પણ આચરણ કરવું ન પડે. જો તેઓ એકબીજાને ચોક્કસ સાચી રીતે ચાહતાં હોય તો સ્વાભાવિક રીતે જ તેઓ સાથે રહેવાનું ચાલુ રાખશે. અને તે માટે તેમને કોઈ કાયદાથી ફરજ પાડવામાં આવશે નહિ. એટલા માટે આ લગ્નનો સમારંભ અને વિધિ બાલિશ છે.

ઑરોવિલમાં જન્મેલાં બાળકોને કૌટુંબિક નામ નહિ હોય. તેમને ફક્ત તેમનું પ્રથમ નામ હશે.

૧૫ જૂન ૧૯૬૮

*

## અમે જીવનને બદલવા માગીએ છીએ

પ્રથમ વસ્તુ, તમારે તમારા પોતાના માટે કાર્ય કરવું નહિ પરંતુ પ્રભુની આજ્ઞા પ્રમાણે કાર્ય કરવું, પ્રભુની ઇચ્છાને અભિવ્યક્ત કરવી. તમારે પોતાને તો કોઈ હુકમો આપવાના નથી. જ્યાં સુધી તમારો સંકલ્પ અંગત હોય, વ્યક્તિગત હોય, ત્યાં સુધી તે સાચો નથી. તમે એ પ્રમાણે કરી શકો નહિ. તે સાચી વસ્તુ નથી એટલું જ નહિ પરંતુ તમે સાચી વસ્તુ જાણી શકો પણ નહિ !

તે પ્રમાણે બનવું જ જોઈએ (કોઈ વસ્તુને બલપૂર્વક ત્યાગ કરવાની ક્રિયા)... તેને હાંકી કાઢવી જ જોઈએ !

એટલા માટે જ આપણે એકલા કાંઈ પણ નથી. આ જીવન છે. આપણે પોતાના માટે કોઈ કાર્ય કરતા નથી. આપણે આપણા સંકલ્પ અને અંગત પરિણામ માટે કાર્ય કરતા નથી, આપણે પ્રભુની સંકલ્પશક્તિ દ્વારા જ અને પ્રભુની સંકલ્પશક્તિ માટે જ કાર્ય કરીએ છીએ; એટલી બધી સાહજિક રીતે કે આપણા શારીરિક દુશ્મન માટે પણ આપણે કોમળતા અનુભવીએ છીએ. તમે જ્યારે આ રીતે અનુભવશો ત્યારે જ તમે સમજી શકશો. તે જ એક સમગ્ર મર્યાદા છે, પૂરેપૂરી મર્યાદા.

જ્યારે સંઘર્ષો ઉત્પન્ન થાય, અને તે બધો જ સમય ઉત્પન્ન થયા કરે છે, આપણા બધા માટે — ત્યારે આપણને તાત્કાલિક જાણે એમ લાગે છે કે જાણે આપણી ચામડીમાં પાછા ખેંચાઈ જઈએ છીએ, તે પ્રમાણે જ બને છે. દરેક પોતાની જાતને અંદર સંકોચી લે છે. પરંતુ મુશ્કેલી એ છે કે ગમે ત્યારે એક માણસનો સાપેક્ષ રીતનો અંગત સંકલ્પ હોય અને તેની સામે બીજો માણસ તેનો અંગત સંકલ્પ રજૂ કરે તો આ પ્રમાણે બને છે — સૌથી પ્રથમ તો એક પ્રતિક્રિયા થાય છે અને પછીથી પણ, તમે થોડા કે વધારે તેની સાથે સહમત હો તો તમે આ સંકલ્પને હાથ ઉપર લો અને તેનું ચારે બાજુથી ચિંતન કરો તો પછી તમે જોઈ શકશો કે શું બને

છે અને તે બધો જ સમય ચાલ્યા કરે છે. પહેલાં એક વ્યક્તિને સંકલ્પ થાય અને પછી બીજાને અને પછી બીજાને અને એમ ને એમ અનંત રીતે આ રીતે બધે જ બને છે; સૌથી મજબૂત સંકલ્પશક્તિ બધે જ ફેલાઈ જાય છે. તેનો કાંઈ અર્થ નથી, કાંઈ પણ નહિ.

જ્યારે આપણે એમ કહીએ છીએ. ''અમે પ્રભુની સેવામાં છીએ.'' ત્યારે તે કેવળ શબ્દો હોતા નથી. તે પ્રભુએ આપણી મારફત કામ કરવું જોઈએ, આપણે પોતે નહિ. સૌથી મોટી ગૂંચ છે : આપણે કઈ રીતે પ્રભુનો સંકલ્પ જાણી શકીએ ? પરંતુ હકીકતમાં હું તમને કહું છું : જો તમે સચ્ચાઈપૂર્વક તમારો અંગત સંકલ્પ છોડી દો તો તમે તેને (પ્રભુના સંકલ્પને) જાણશો.

૨ : હા. તે સ્પષ્ટ છે.

હા, તમે તે રીતે પ્રભુનો સંકલ્પ જાણી શકો,

(માતાજી મૌનમાં રહે છે અને પછી પંદર મિનિટો સુધી દરેક હાજર રહેલી વ્યક્તિ ઉપર એકાગ્રતા કરે છે, પછી 'અ' પ્રત્યે) તો તું તે વસ્તુ બધાને સમજાવજે.

આપણે જીવનમાં પરિવર્તન લાવવું છે — આપણે જીવનમાંથી નાસી જવું નથી... અત્યાર સુધી જે બધા માણસોએ તેઓ જેને પ્રભુ કહેતા હતા તેની શોધ માટે પ્રયત્ન કરેલો, પ્રભુના સંપર્કમાં આવવા પ્રયત્ન કરેલો, તે બધાએ જીવનનો ત્યાગ કરેલો : તેમણે કહ્યું, ''જીવન એક વિધિ છે. આપણે પ્રભુ માટે જીવનનો ત્યાગ કરીશું.'' તેથી ભારતમાં તમારે સંન્યાસીઓ હતા જેઓ બધું છોડી દેતા; યુરોપમાં તમારે સાધુઓ અને ત્યાગીઓ હતા. વારું, તેઓ છટકી જઈ શકે છે અને જો કે તેઓ પુનર્જન્મ પામશે તે પણ તેમણે તે ફરી ફરીને કરવું પડશે. પરંતુ જીવન તો જેવું છે તે પ્રકારનું જ રહે છે.

(શ્રી માતૃવાણી ગ્રંથ ૧૩ : પૃ. ૨૮૪-૨૮૫)

*

## સાચા ઑરોવિલિયન બનવા માટે

સાચા ઑરોવિલિયન બનવા માટે માણસે કેવા બનવું જોઈએ ? તમે પ્રશ્નને તે રીતે મૂકો. સાચા ઑરોવિલિયન બનવા માટે માણસે કેવા હોવું જોઈએ ? ('અ' તરફ) તને કોઈ વિચારો આવે છે ?

અ: મારા માટે સાચા ઑરોવિલિયન બનવામાં પ્રથમ વસ્તુ છે પ્રભુને પોતાની જાતનું પૂરેપૂરું સમર્પણ કરવાનો સંકલ્પ.

તે સારું છે, સારું છે; પરંતુ તે પ્રકારના વધારે માણસો નથી. ('ગ' પ્રત્યે) અહીં, મને એક કાગળનો એક ટુકડો આપ. હું તેને નંબર એક તરીકે લખીશ. (માતાજી લખે છે) ''સાચા ઑરોવિલિયન બનવા માટે'' મેં તે સમજીને જ ફક્ત એક લખ્યું છે.

તો આપણે નંબર બે માટે જોઈએ.

*

આપણને શરીર આપવામાં આવ્યું છે તેનો ત્યાગ કરવાનો નથી, પરંતુ તેને વધારે

સારું બનાવવાનું છે. અને ઑરોવિલનાં લક્ષ્યોમાંનું તે એક લક્ષ્ય છે. માનવશરીરને સુધારવાનું છે, પૂર્ણ કરવાનું છે અને તે એવું અતિમાનવ શરીર બનવું જોઈએ જે માનવી કરતાં ઉચ્ચતર પ્રાણીની અભિવ્યક્તિ કરવા માટે શક્તિશાળી બને. અને જો આપણે તેના બદલે તેની ઉપેક્ષા કરીએ તો તે શક્ય નથી. એક પ્રકાશિત શારીરિક સંસ્કાર દ્વારા અને શારીરિક પ્રવૃત્તિઓ દ્વારા – શરીરની પ્રવૃત્તિઓ દ્વારા – પોતાની ક્ષુદ્ર જરૂરિયાતો અને સંતોષો માટે નહિ, તેને એવું તૈયાર કરવાનું છે કે તે એક ઉચ્ચ પ્રકારનું સૌંદર્ય અને ચેતનાની અભિવ્યક્તિ કરી શકે. તેને માટે શારીરિક શિક્ષણનું અગત્યનું સ્થાન છે અને શરીરને તે આપવું જોઈએ. પ્રશ્ન છે કે ''લોકો તેવા પ્રકારનાં કેમ છે ?'' – દરેક વ્યક્તિ મને આ પ્રમાણે કહે છે, ''તેઓ આવા છે, તેઓ તેવા છે. તેઓ કેમ તેવા છે ?'' અને દરેક પ્રદેશમાં આ પ્રમાણે છે. એટલા માટે સ્પષ્ટ રીતે મેં પહેલાં તે પ્રમાણે કરવાનું વિચારેલું. ઑરોવિલની સાચી અભીપ્સાની રચના કરવી.

અને શરીરની કેળવણી સમાન રીતે થવી જોઈએ. તેમાં ચક્રમ લાગે તેવી અને અદ્‌ભુત વસ્તુઓ કરવાની નથી પરંતુ શરીરને એટલું મજબૂત અને અનુકૂળ બનાવવું કે ઉચ્ચતર ચેતનાને તે અભિવ્યક્ત કરવા કાર્યક્ષમ બને.

તે વસ્તુ ''લાંબી યાદી''માંનો એક ભાગ હશે.

(શ્રી માતૃવાણી ગ્રંથ ૧૩ : પૃ. ૨૮૬ ને ૨૮૮)

*

## ચેતનાને નિમ્ન સ્તરે લઈ જતી ટેવો

જે લોકો ઑરોવિલમાં રહે છે અને જીદપૂર્વક જૂની વસ્તુઓને વળગી રહે છે – જૂની તેમ જ નવી પણ – જેને લઈને ચેતનાને નુકસાન થાય અને તે નીચે ઊતરી જાય છે. દા.ત. ધૂમ્રપાન, દારૂ પાવો અને કેફી દવાઓ... ત્યારે સમજજો કે તમે તમારા સ્વરૂપના ટુકડાઓ કરી નાખો છો. આશ્રમમાં મેં તેની ના પાડી છે; આપણે ચેતનામાં વૃદ્ધિ પામવાની છે; આપણે કામનાઓની ખાઈમાં નીચે ઊતરવાની ઇચ્છા નથી. જે લોકો સમજવા માગતા જ નથી તેમને હું કહું છું. ઑરોવિલમાં એક નવીન, ઊંડાણપૂર્વકનું અને વધારે પૂર્ણ જીવનની શોધ કરવાની છે, અને જગતને દર્શાવી આપવાનું છે કે આજના કરતાં ભાવિ જગત વધારે સારું બનશે.

કેટલાક લોકો એવું સમજે છે કે ધૂમ્રપાન અને દારૂ વગેરે ભાવિ જીવનનો એક ભાગ હશે. તેઓ ભલે તે પ્રમાણે માને, તેમને તે અનુભવમાંથી પસાર થવું હોય તો ભલે તેઓ તેમ કરે. તેમને પ્રત્યક્ષ ખબર પડશે કે તેઓ તેમની જાતને કામનાઓની કેદમાં પૂરે છે. પરંતુ હું કોઈ નીતિશિક્ષક નથી, બિલકુલ નહિ, બિલકુલ નહિ. તે તેમના જોવા જ છે. તેમને જો અનુભવમાંથી પસાર થવું હોય તો તેઓ ભલે તેમ કરે; પરંતુ આશ્રમ તેના માટે નથી. ઈશ્વરનો આભાર કે આશ્રમમાં રહીને આપણે શીખ્યાં છીએ કે જીવન કોઈ જુદી જ વસ્તુ છે. સાચું જીવન કામનાઓના સંતોષમાં રહેલું નથી. હું અનુભવ ઉપરથી ખાતરીપૂર્વક કહી શકું કે કેફી દવાઓ દ્વારા જે અદશ્ય જગતનો સંપર્ક સધાય છે અને અનુભૂતિઓ થાય છે તેનો દવાઓ વગર

પણ વધારે સારી, વધારે સચેતન રીતે અને વધારે સંયમથી સંપર્ક કરી શકાય છે. ફક્ત માણસે પોતાની જાત ઉપર કાબૂ રાખવો જોઈએ. ઝેર ગળવું તેના કરતાં તે વધારે મુશ્કેલ છે. પરંતુ હું તે વિશે ઉપદેશ આપવા માગતી નથી. જો ઑરોવિલ ઉચ્ચ જીવનના દૃષ્ટાંત રૂપે બને અને બધી કામનાઓ ઉપર વિજય પ્રાપ્ત કરી અને ઊર્ધ્વ બળોના સંપર્કમાં આવે ત્યાર પછી જ આપણે બધે જઈ શકીશું. જ્યારે ઑરોવિલયનો જગતમાં ફરતા પ્રકાશના દીવડાઓ બનશે ત્યારે તેમને આવકાર મળશે.

**સાચી સ્વતંત્રતા, કામનાઓની પૂર્તિ માટેની પરવાનગી નહિ**

મને કાયદાઓની ફિકર નથી. મને સામાજિક રૂઢિઓની કે કાયદાઓની પણ પરવા નથી. પરંતુ મારે જોઈએ છછીએ એક વધારે દિવ્ય જીવન અને નહિ કે પશુનું જીવન...

આપણે બધી જ કામનાઓનો ત્યાગ કરવા માટે અહીં છીએ. પ્રભુ પ્રત્યે વળવા માટે અને પ્રભુ પ્રત્યે સચેતન બનવા માટે છીએ. જે પ્રભુની આપણે શોધ કરીએ છીએ તે આપણાથી દૂર દૂર કે અપ્રાપ્ય નથી. તે તેના સર્જનના કેન્દ્રમાં રહેલો છે અને તે ઇચ્છે છે કે આપણે તેને શોધી કાઢીએ, અને આપણું પોતાનું અંગત રૂપાંતર કરીને તેને જાણવા માટે શક્તિમાન બનીએ, તેની સાથે અદ્વૈત સાધીએ અને અંતમાં તેને સચેતન રીતે અભિવ્યક્ત કરીએ. આપણે આપણી જાતનું આ રીતે અર્પણ કરવું જોઈએ અને તેના માટે જ આપણું અસ્તિત્વ છે. અને આ ઉત્તમ સાક્ષાત્કાર માટેનું પ્રથમ પગથિયું છે, અતિમાનસ ચેતનાનો આવિર્ભાવ કરવો.

(શ્રી માતૃવાણી ગ્રંથ ૧૩ : પૃ. ૨૯૬, ૨૯૭-૨૯૮)

*



**નૂતન સૃષ્ટિની પ્રગતિ (ઑરોવિલની પ્રગતિ)**

**પ્રત્યેક વ્યકિતએ પોતાની પ્રગતિ માટે અનુકૂળ એવી પ્રવૃત્તિ શોધી જ લેવી જોઈએ.**

**શ્રી માતાજીએ આ પુષ્પને આપેલું આધ્યાત્મિક નામ**

Botanical Name : Hibiscus rosa-sinensis

# માતૃમંદિર : ઑરોવિલનો આત્મા

In the luminous  stillness of its mute appeal
It looked up to the heights it could not see;
It yearned from the longing depths it could not leave.
In the centre of his vast and fateful trance
Half-way between his free and fallen selves,
Interceding twixt God's day and the mortal's night,
Accepting worship as its single law,
Accepting bliss as the sole cause of things,
Refusing the austere joy which none can share,
Refusing the calm that lives for calm alone,
To her it turned for whom it willed to be.
In the passion of its solitary dream
It lay like a closed soundless oratory
Where sleeps a consecrated argent floor
Lit by a single and untrembling ray
And an invisible Presence kneels in prayer.
On some deep breast of liberating peace
All else was satisfied with quietude;
This only knew there was a truth beyond.
All other parts were dumb in centred sleep
Consenting to the slow deliberate Power
Which tolerates the world's error and its grief,
Consenting to the cosmic long delay,
Timelessly waiting through the patient years
Her coming they had asked for earth and men;
This was the fiery point that called her now.

Savitri : 332 **Sri Aurobindo**

*[અશ્વપતિનું હૃદય પોતાની મૂક આરજૂની તેજસ્વી સ્થિરતામાંથી પોતે જે ઊંચાઈઓને જોઈ શકતું નથી, એ ઊંચાઈઓ પ્રતિ દૃષ્ટિ કરે છે. પોતે જે ઝંખના કરતાં ઊંડાણોને છોડી શકતું ન હતું ત્યાં રહ્યે રહ્યે એ ઝંખના કરતું હતું. અશ્વપતિનું હૃદય પોતાની વિશાળ, નિર્ણાયક સમાધિના કેન્દ્રમાં, પોતાના મુક્ત અને પતિત સ્વરૂપોની મધ્યમાં રહેલું છે. ત્યાં રહીને એ પ્રભુના દિવસ અને મર્ત્યની રાત્રિ વચ્ચે મધ્યસ્થીનો ભાગ ભજવી રહ્યું છે. એ હૃદય આરાધનાને જ પોતાનો એકમાત્ર ધર્મ ગણે છે. વસ્તુમાત્રનું કારણ, સૃષ્ટિના અસ્તિત્વનું કારણ આનંદ છે, એ હકીકતનો તે સ્વીકાર કરે છે. પરંતુ જે આનંદમાં અન્ય કોઈ ભાગ ન લઈ શકે એવા કઠોર આનંદનો તે ઇનકાર કરે છે. અને જે શાન્તિ માત્ર શાન્તિને ખાતર જ હોય, એવી શાન્તિનો પણ તે અસ્વીકાર કરે છે. એ હૃદય પોતે જેનું બની જવાનો સંકલ્પ સેવે છે, એ મા ભગવતી પ્રતિ અભિમુખ થયું છે. પોતાના અનન્ય સ્વપ્નના ભાવોદ્રેકમાં અશ્વપતિનું હૃદય, જ્યાં અદૃશ્ય સાંનિધ્ય પ્રાર્થના કરી રહ્યું હોય એવું પ્રાર્થનામંદિર બની ગયું હતું. જે પ્રાર્થનામંદિર બંધ, નિઃશબ્દ હતું. જ્યાં (એ મંદિરમાં) એકાકી અને સ્થિર રશ્મિ વડે પ્રકાશમાન, સમર્પિત રૂપેરી ભૂમિ નિદ્રામાં પોઢેલી છે. મુક્તિદાયી શાન્તિના અગાધ હૈયા પર અશ્વપતિનાં અન્ય સર્વ અંગો સ્થિર થયેલાં છે. અને હૃદય સિવાયનાં સર્વ અંગો એ શાન્તિથી સંતુષ્ટ પણ છે. માત્ર એમનું હૃદય જ એ જાણે છે કે મુક્તિદાયી શાન્તિથી પર એક સત્ય રહેલું છે. સ્વરૂપના અન્ય સર્વ ભાગ કેન્દ્રિત નિદ્રામાં મૂક થઈ ગયા હતા, જે શક્તિ વિચારપૂર્વક કાર્ય કરી રહી છે, ધીરે ધીરે કાર્ય કરી રહી છે, જે વિશ્વની ત્રુટિઓ અને શોકને નિભાવી રહી છે, એ શક્તિ સાથે એ સર્વ ભાગો સહમત થાય છે અને વિશ્વના લાંબા વિલંબને તે માન્ય રાખતા હતા. એ અંગો ધીરજ ધારણ કરનાર વર્ષોના કાલરહિત ભાવપૂર્વક, શ્રી માતાજીના આગમનની વાટ જોઈ રહ્યા હતા. જે આગમન માટે એમણે પૃથ્વી અને માનવો માટે અભીપ્સા સેવી હતી. પરંતુ અશ્વપતિનું હૃદય, એ હતું આગ્નેય, એની અભીપ્સા અગ્નિજ્વાળા જેવી હતી, એ શ્રી માતાજીનું આગમન હાલ, તુર્ત થવું જોઈએ એવું ઇચ્છે છે.]*


*

## માતૃમંદિર

માતૃમંદિરના પાયાની સ્થાપના પ્રસંગે શ્રી માતાજીએ નીચે મુજબનો સંદેશ આપ્યો હતો.

માતૃમંદિર ઑરોવિલની પ્રભુ પ્રત્યેની અભીપ્સાનું જીવંત પ્રતીક બની રહો.

*




માતૃમંદિર ઑરોવિલનો આત્મા બની રહેશે.

*

આત્મા જેટલો જલદી તૈયાર થઈ જાય એ પ્રત્યેકને માટે તથા ખાસ કરીને ઑરોવિલિયનો માટે સારું.

*

માતૃમંદિર ઇચ્છે છે માનવની પૂર્ણતા પ્રત્યેની અભીપ્સાને ભગવાન તરફથી પ્રાપ્ત થતા ઉત્તરનું પ્રતીક બનવા.

શ્રી માતાજી

*



માતૃમંદિર ઇચ્છે છે માનવની પૂર્ણતા પ્રત્યેની અભીપ્સાને ભગવાન તરફથી આવતા ઉત્તરનું પ્રતીક બનવા.

માણસને પૂર્ણ બનવું છે. પણ એ તો પ્રભુ સાથે પૂરેપૂરા જોડાઈ શકીએ ત્યારે જ બને. તો માનવની આ અભીપ્સામાં ભગવાન કેવો ભાગ ભજવશે, પોતે કયો ઉત્તર આપશે ? એ ઉત્તરનો સંકેત આ માતૃમંદિરમાં મળશે. માતૃમંદિરમાં આપણે જઈશું અને અત્યારે આ યોગમાં હર પળે અનુભવાય છે તેમ અનુભવીશું કે હા, ભગવાન તરફથી કંઈ જવાબ મળે છે તો ખરો !

આ ૧૯૭૧ના ફેબ્રુઆરીની ૨૮મીએ, ૬૮ પછી બરાબર ત્રણ વર્ષે એ માતૃમંદિરનું ખાતમુહૂર્ત બન્યું. એ દિવસની સુપ્રભાતે ૬.૧૫ વાગે હુતાશની જેવી પ્રગટેલી અગ્નિની ઊછળતી જ્વાલાઓ સમક્ષ સૌએ ધ્યાન કર્યું અને ૬.૩૦ વાગે, ઑરોવિલમાં જન્મેલા એક નાના બાળકને હાથે માતૃમંદિરનો પ્રથમ પથ્થર મુકાયો.

– સુન્દરમ્

(દક્ષિણા; પુ. ૨૧; સળંગ અંક ૮૧; ઓગષ્ટ ૧૯૭૦; પાન નંબર ૧૪;)



## માતૃમંદિરના ચાર પાયાઓનું સાંકેતિક મહત્ત્વ

| | | | | | |
|---|---|---|---|---|---|
| ઉત્તર | : | મહાકાલી | પૂર્વ | : | મહાલક્ષ્મી |
| દક્ષિણ | : | મહેશ્વરી | પશ્ચિમ | : | મહાસરસ્વતી |

*

## માતૃમંદિરના પાયામાંથી ફેલાતા ભોંયતળિયાના ૧૨ કક્ષોનું સાંકેતિક મહત્ત્વ

સત્યનિષ્ઠા, વિનમ્રતા, કૃતજ્ઞતા, ધીરજ, અભીપ્સા, ગ્રહણશીલતા, પ્રગતિ, હિંમત, ભલમનસાઈ, ઉદારતા, સમતા, શાંતિ.

(જુલાઈ ૧૯૭૨)

*

## માતૃમંદિર આસપાસના ૧૨ બગીચાઓનું સાંકેતિક મહત્ત્વ

અસ્તિત્વ, ચેતના, મહામુદા, પ્રકાશ, જીવન, શક્તિ, સંપત્તિ, ઉપયોગિતા, પ્રગતિ, સંવાદિતા, પૂર્ણતા. (CWM 13 : 226)

*

**શહેરનું કેન્દ્ર**

'અ'ના વિચાર પ્રમાણે કેન્દ્રમાં એક ટાપુ છે અને તેની આસપાસ પાણી છે, વહેતું પાણી છે અને તે સમગ્ર શહેરને પાણી પૂરું પાડશે અને જ્યારે તે શહેરમાંથી પસાર થશે ત્યાર પછી પંપ-હાઉસમાં મોકલવામાં આવશે અને ત્યાંથી તે બધી આસપાસની ખેડેલી જમીનમાં નહેરો દ્વારા પૂરું પડાશે એટલે કેન્દ્ર એક નાનો ટાપુ છે અને જેને આપણે પ્રથમ માતૃમંદિર કહ્યું છે તે છે; જેને હું વિશાળ ખંડ તરીકે કાયમ જોઉં છું. બિલકુલ સાધનો વગરનું, જેમાં ઉપરથી પ્રકાશ આવે છે. જેમાં એવી વ્યવસ્થા કરેલી છે કે તે એક જગાએ કેન્દ્રિત થાય છે, તે જગામાં આપણે નગરના કેન્દ્ર તરીકે કોઈ પણ વસ્તુ મૂકીએ તે પહેલાં આપણે શ્રી અરવિન્દના પ્રતીકનો વિચાર કરેલો પરંતુ આપણી જે ઇચ્છા હોય તે મૂકી શકીએ. એવું કરી શકીએ કે એક પ્રકાશનું કિરણ તે જગાએ પડ્યા કરે અને ફર્યા કરે, ગોળ ગોળ... સૂર્યની સાથે, તમે સમજ્યા ? જો તે બરાબર કરવામાં આવે તો ઘણું સારું થશે અને પછી તેની નીચે લોકો બેસીને ધ્યાન કરી શકે અથવા ફક્ત આરામ કરી શકે. બીજું 'કાંઈ પણ નહિ', કાંઈ પણ નહિ સિવાય કે નીચે કાંઈક એવું આરામદાયક હોય જેથી તેઓને થાક ન લાગે તેવી રીતે બેસી શકે. કદાચ થોડાક સ્તંભો તેમને પીઠ ટેકવવા માટે કામ આપે તેવું કાંઈક. અને હું તે વસ્તુ કાયમ જોઉં છું અને તે ખંડ ખૂબ ઊંચાઈવાળો હોવો જોઈએ જેથી સૂર્ય તેમાં 'કિરણ રૂપે' પ્રવેશ કરી શકે, દિવસના સમય પ્રમાણે, જે કેન્દ્ર છે તેના ઉપર કિરણ પડે. જો આ રીતે થઈ શકે તો ઘણું સારું.

*

સૂર્યનાં કિરણનો આ વિચાર..... હું જ્યારે જોઉં છું ત્યારે તરત જ દેખાય છે. અને સૂર્યનું એક કિરણ બધા સમય અનુસાર (સૂર્યની 'ગતિને અનુસરતી ક્રિયા') અને ત્યાં કોઈક વસ્તુ હશે, કોઈ પ્રતીક, જે ઊભું હોય અને ચારે બાજુથી દેખાય અને સપાટ પણ જેથી તેને પૂરતો પ્રકાશ મળે તો કેવું ?.... અને મહેરબાની કરીને પ્રભુની ખાતર તેને ધર્મ ન બનવા દેશો !

(શ્રી માતૃવાણી ગ્રંથ ૧૩ : પૃ. ૨૩૧ ને ૨૩૨)

*

**અંદરનો ભાગ**

મેં સ્પષ્ટ જોયેલું, — ખૂબ સ્પષ્ટ રીતે.... એટલે કે તે વસ્તુ તે પ્રમાણેની હતી અને અત્યારે પણ તે જ પ્રમાણે છે, તે તે સ્થિતિમાં છે (એક અનંત ભૂમિકા સૂચવતી ક્રિયા).... આ સ્થળનો અંદરનો ભાગ...

તે એક પ્રકારનો ખંડ હશે, એક સ્તંભની અંદરનો ભાગ, તેમાં બારીઓ નહિ હોય. હવા-પ્રકાશ માટેની વસ્તુઓ, પેલાં મશીનો સાથે કૃત્રિમ (ઍરકન્ડિશનરની મુદ્રા) અને ફક્ત છત અને સૂર્ય કેન્દ્રમાં પ્રકાશે એ રીતે. અથવા જ્યારે સૂર્ય ન હોય — રાત્રિએ અથવા વાદળવાળા દિવસોએ — એક ઇલેક્ટ્રિક સ્પોટલાઈટ હોય.

અને અત્યારે જ એક પ્રકારનું દૃષ્ટાંત રૂપનું મોડેલ બાંધવાનો વિચાર છે, જે ૧૦૦



માણસોને સમાવી શકે. જ્યારે નગર બંધાઈ જાય અને આપણને અનુભવ મળી જાય, ત્યારે આપણે કોઈ મોટી વસ્તુને બાંધીશું. પરંતુ પછીથી તે ઘણી મોટી વસ્તુ હશે જે હજાર કે બે હજાર માણસોને સમાવી શકશે. આ બીજું બાંધકામ પહેલાંની આસપાસ બંધાશે. જ્યાં સુધી બીજું પૂર્ણ ન થાય ત્યાં સુધી પહેલું કાઢી નખાશે નહિ. એ પ્રમાણેનો વિચાર છે.

*

એ એક બાર પાસાંવાળો ટાવર હશે અને દરેક પાસું એક માસનું પ્રતીક હશે. અને તેની ઉપર, ટાવરની છત આ પ્રકારની હશે. (એક ઢાળવાળી છત, બાજુઓમાંથી ઉપર ચડતી, એક કેન્દ્રમાં એકત્રિત થતી હોય એવું સૂચવતી ક્રિયા).

અને પછીથી, અંદર, બાર સ્તંભો હશે. દીવાલો અને બાર સ્તંભો, અને બિલકુલ મધ્યમાં, ભોંયતળિયા ઉપર મારું પ્રતીક, અને તેની ઉપર શ્રી અરવિન્દનાં ચાર પ્રતીકો એકઠાં કરીને એક ચોરસ બનાવાશે અને તેની ઉપર એક ગોળો, જો શક્ય હોય તો ગોળો પારદર્શક વસ્તુઓમાંથી બનેલો હશે અને અંદર પ્રકાશવાળો અથવા પ્રકાશ વગરનો, પરંતુ સૂર્ય ગોળાને અડકવો જોઈએ. પછી મહિના પ્રમાણે, સમય પ્રમાણે અહીંથી, ત્યાંથી, પેલી જગાએથી, ગમે ત્યાંથી જોઈ શકાશે. (સૂર્યની ગતિ બનાવતી ક્રિયા). તમે સમજ્યા ? દરેક કિરણની સાથે એક ઉદ્‌ઘાટન હશે. વેરવિખેર થઈ ગયેલું તેજ નહિ : એક કિરણ જે અડકે છે, અડકવું જોઈએ.

તેને અમલમાં મૂકવા માટે એક તાંત્રિક (ટેક્નિકલ) જ્ઞાનની જરૂર પડશે. અને એટલા માટે મારે એન્જિનિયરની સાથે એક ડિઝાઈન બનાવવી છે.

એક બીજું, અંદરના ભાગમાં બારીઓ કે પ્રકાશ આપનાર વસ્તુઓ નહિ હોય. એ એક અર્ધપ્રકાશમાં કાયમ હશે, — દિવસે સૂર્ય સહિત અને રાત્રે કૃત્રિમ પ્રકાશથી, અને ફલોર ઉપર કાંઈ પણ નહિ હોય. ફક્ત આ પ્રકારનું ભોંયતળિયું (માતાજીના રૂમમાં છે તેવું) એટલે કે, પહેલાં લાકડું (લાકડું અથવા બીજી કોઈ પણ વસ્તુ) ત્યાર પછી રબર — ફોમ, ખૂબ જાડું, ખૂબ પોચું અને પછી શેતરંજી. દરેક જગાએ શેતરંજી, કેન્દ્ર સિવાય બધી જ જગાએ અને લોકો ત્યાં દરેક જગાએ બેસી શકશે. અને લોકો માટે બાર સ્તંભો છે જેના ઉપર તેઓ પીઠ ટેકવી શકે ! (શ્રી માતૃવાણી ગ્રંથ ૧૩ : પૃ. ૨૩૪ ને ૨૩૫)

*

## શાંતિ અને એકાગ્રતા માટેનું સ્થાન

એ એક પ્રકારનો ટાવર છે જેને બાર બાજુઓ છે અને તે વર્ષના બાર માસનાં પ્રતીક છે અને તે પૂરેપૂરો ખાલી છે.... અને તેમાં સોથી બસો માણસોનો સમાવેશ થવો જોઈએ અને તેની છતને ટેકો આપવા માટે અંદર બાર સ્તંભો હોવા જોઈએ (બહાર નહિ) અને બિલકુલ કેન્દ્રમાં એકાગ્રતા માટે કોઈ વસ્તુ હોવી જોઈએ... અને આખા વર્ષ દરમિયાન સૂર્ય તેનાં કિરણો દ્વારા તેમાં પ્રવેશ પામવો જોઈએ; કિરણો પ્રસરેલાં હોવાં જોઈએ નહિ તેથી સૂર્ય કિરણરૂપે પ્રવેશ પામે. પછી દિવસના પ્રમાણે તેમ જ વર્ષના મહિના પ્રમાણે કિરણ ફરશે. (એવી વ્યવસ્થા ઉપરથી થશે) અને કિરણ કેન્દ્ર તરફ પાડવામાં આવશે. કેન્દ્રમાં શ્રી અરવિન્દનું પ્રતીક હશે અને તેના ઉપર ગોળો હશે. આપણે તે ગોળાને સ્ફટિક જેવો પારદર્શક બનાવવા માટે પ્રયત્ન કરીશું... એક મોટો ગોળો અને પછી લોકોને તેમાં એકાગ્રતા કરવા માટે રજા આપવામાં આવશે — (માતાજી હસે છે) એકાગ્રતા કરવાનું શીખવા માટે ! ધ્યાનના કાર્યક્રમો ચોક્કસ નહિ. તેમાંનું કાંઈ નહિ. પરંતુ તેમણે ત્યાં શાંતિમાં રહેવાનું, એકાગ્રતા અને શાંતિમાં.

પરંતુ જગા પૂરેપૂરી... શક્ય એટલી સાદી હશે. અને ભોંયતળિયું એવા પ્રકારનું કે લોકો આરામ અનુભવે, જેથી તમને એવો વિચાર ન આવે કે તે બધાને આ જગાએ કે પેલી જગાએ શરીર ઉપર ઇજા થાય છે.

અને નીચે જમીન સમતલ, મધ્યમાં મારું પ્રતીક હશે. આમાં પ્રતીકના કેન્દ્રમાં આપણે ચાર ભાગમાં એક ચોરસ માફક, શ્રી અરવિન્દનાં ચાર પ્રતીકો મૂકીશું, સીધા ઉપર ચડતા અને તે પારદર્શક ગોળાને આધાર આપતા હશે. મને તેનું દર્શન થયું છે.

(શ્રી માતૃવાણી ગ્રંથ ૧૩ : પૃ. ૨૩૮ ને ૨૩૯)

*

## પોતાની ચેતના પ્રાપ્ત કરવાનું સ્થળ

...અને બીજું ત્યાં બારણાં નથી. પરંતુ નીચે ઊતરતાં ઊતરતાં વ્યક્તિ મંદિરમાં

આવી જાય છે. વ્યક્તિ દીવાલની નીચે આવે છે અને ફરીને અંદર પ્રવેશ કરે છે, વળી તે પ્રતીકાત્મક છે. દરેક વસ્તુ પ્રતીકરૂપે છે.

અને વળી ફર્નિચર નથી, પરંતુ જમીન ઉપર, અહીંની માફક પહેલાં લાકડું, પછી લાકડા ઉપર જાડા કદનું ''ડનલોપ'' અને તેના ઉપર અહીંની માફક એક ગાલીચો – રંગની પસંદગી હજુ હવે થશે. બધી જ જગા શ્વેત હશે. મને ખાતરી નથી કે શ્રી અરવિન્દનું પ્રતીક સફેદ હશે... હું માનતી પણ નથી. મેં તે પ્રતીકો સફેદ જોયેલાં નહિ, તે વર્ણન ન કરી શકાય એવા રંગોમાં જોયેલાં, સોનેરી અને નારંગી રંગના મિશ્રણનો પ્રકાર હતો. તે સીધાં ઊભાં હશે. તે પથ્થરમાં કોતરાયેલાં હશે. અને એક ગોળો જે પ્રકાશિત નહિ, પણ અર્ધ પ્રકાશિત હશે, ગોળાની નીચે પ્રકાશ હશે જે ઉપર મોકલવામાં આવશે અને તે ગોળામાં ફેલાઈ જશે અને પછી બહારથી પ્રકાશનાં કિરણો કેન્દ્ર ઉપર પડશે. અને બીજા કોઈ વીજળીના ગોળા નહિ, બારીઓ નહિ, ઈલેક્ટ્રિક હવાઉજાસનાં સાધનો નહિ, અને એક પણ ફર્નિચરની ચીજ નહિ, કાંઈ નહિ, એક જગા... વ્યક્તિની પોતાની ચેતના શોધવાનો પ્રયત્ન કરવા માટેની.

બહાર આવું કાંઈક હશે (માતાજી બીજા પ્લાનના કાગળને ખોલે છે). આપણે જાણતા નથી કે છત શિખરવાળી હશે કે કેમ અથવા.... ઘણું સાદું, તેમાં બસો માણસો સમાઈ હશે.

*



**નૂતન સૃષ્ટિનો સાક્ષાત્કાર (ઑરોવિલનો સાક્ષાત્કાર)**

**એને માટે આપણે તૈયારી કરવી જ રહી.**

**શ્રી માતાજીએ આ પુષ્પને આપેલું આધ્યાત્મિક નામ**

Botanical Name : Hibiscus rosa-sinensis 'Vasco'.

# શ્રી માતાજી



શ્રી માતાજી

# ઑરોવિલ-જ્યાં આત્મા સદૈવ શ્વાસોચ્છ્વાસ લઈ રહ્યો છે.

૨૮ ફેબ્રુઆરી, ૧૯૬૮ના પ્રભાતે બંગાળનો ઉપસાગર સુવર્ણથી આચ્છાદિત થયેલો હતો.

સુવર્ણ, પોંડિચેરીનાં મકાનોનાં ધાબાંઓને રંગી રહ્યું હતું અને એ ભવ્ય આભા જેમ આકાશમાં ફેલાતી ગઈ તેમ પોંડિચેરીની આસપાસનો સમગ્ર ગ્રામ્ય પ્રદેશ જાણે કે ભવ્ય પ્રકાશમાં સ્નાન કરી રહ્યો હોય એવું લાગતું હતું.

સાચેજ, એ પ્રકાશનું પરમ પર્વ હતું જે, અમને જેઓ પસંદ કરાયેલાં હતાં — તેમને, ઑરોવિલની રચના માટે સત્કારી રહ્યું હતું.

પોંડિચેરીથી બહુ દૂર નહીં એવી એ જગ્યાએ એક વિશાળ વર્તુળાકાર ભૂમિની કલ્પના કરો, જેની આજુબાજુ ઉપસાવેલા ઢોળાવ તૈયાર કરવામાં આવેલા છે અને આખી વ્યવસ્થા હજારો દર્શકોને સમાવી લેવા માટે અદ્‌ભુત રીતે કરવામાં આવી છે. જે દર્શકોમાંના ઘણાં તો ખૂબ દૂર દૂરથી તે દિવસે એ વિધિમાં ભાગ લેવા આવી પહોંચ્યાં હતાં.

વર્તુળાકાર ભૂમિની મધ્યમાં જમીનનો એક ભાગ ઉપસાવેલો રાખ્યો હતો જ્યાં વર્તુળાકાર માર્ગે વ્યક્તિ પહોંચી શકે ત્યાં એક 'urn' અર્ન (ભાણ્ડ) (માટી કે ભસ્મ રાખવાનું પાત્ર) રાખવામાં આવ્યું હતું, જેનું ઢાંકણું કમળની કળીના આકારનું બનાવવામાં આવ્યું હતું. આ અર્નમાં ૧૨૪ દેશોની માટી મૂકવાની હતી. જેના પાયા ઉપર ભાવિ નગરની રચના કરવામાં આવશે. લાઉડસ્પીકરમાંથી શાંતિ માટે આહ્‌વાન  કરવામાં આવ્યું ત્યારબાદ શ્રી માતાજીનો અવાજ સંભળાયો, જેઓ આશ્રમમાંના પોતાના ઓરડામાંથી બોલી રહ્યાં હતાં. શ્રી માતાજી શું કહી રહ્યાં હતાં ?... તેઓ ઑરોવિલનો મુદ્રાલેખ વાંચી રહ્યાં હતાં —અને એ પ્રભાવશાળી શાંતિમાં ઊર્ધ્વગામી શબ્દો સરી પડ્યાં. ''ઑરોવિલ કોઈ પણ એક વ્યક્તિનું નથી. ઑરોવિલ સારીયે માનવજાતિનું છે.

પરંતુ ઑરોવિલમાં નિવાસ કરવા માટે માણસે સ્વેચ્છાપૂર્વક દિવ્ય ચેતનાના સેવક બનવું જોઈશે.''

આ, માલિકી ભાવ છોડી દેવાની ભાવના, સંપૂર્ણ અને વિચારપૂર્વકના આ ઉદ્‌ગાર ચાલુ સદીમાં લોકોનું જે વલણ રહ્યું છે તેનાથી એટલા તો વિરુદ્ધ થાય છે કે આપણે

એની પ્રશંસા કર્યા વગર રહી શકતાં નથી. તેમ જ આવી વિશાળ અને સ્વસ્થ અનુભૂતિ સમક્ષ આપણું મસ્તક ઝૂકી જાય છે. શ્રી માતાજી બોલી રહ્યાં પછી વિધિની શરૂઆત થઈ.

પ્રથમ જોડી (યુવાન અને યુવતી) શ્રી માતાજીનો ધ્વજ લઈને આગળ વધી. આસમાની ભૂરા રંગના કાપડ ઉપર સુવર્ણ રંગનું ચક્ર—શ્રી માતાજીની ગૂઢ અને પરાત્પર શક્તિનું પ્રતીક એમાં હતું. એ બે બાળકો ક્ષિતિજમાંથી જાણે નીકળી આવ્યાં, ધીરે પગલે તેઓ સ્વયંસેવકોએ તૈયાર કરેલો વિજય સૂચક માર્ગ અનુસરી પ્રતીકાત્મક શંકુ પાસે પહોંચી ગયાં. તુર્તજ ધ્વજ ત્યાં લહેરાવા લાગ્યો, પવન એને લાડ લડાવી રહ્યો હતો. તે સમયે બાળકોએ આશ્રમની માટી અને ઑરોવિલનો મુદ્રાલેખ અર્નમાં પધરાવી દીધાં. પછીથી બાકીની જોડીઓએ પણ એ પ્રમાણે કર્યું. સૌ કોઈ ધીરે પગલે આવી રહ્યાં હતાં, જાણે કે ધીમા સંગીતની લય સાથે જ ચાલી રહ્યાં હોય ! તે જ સમયે ઑરોવિલનો મુદ્રાલેખ જગતની મુખ્ય મુખ્ય ભાષાઓમાં વંચાઈ રહ્યો હતો. એક પછી એક જોડી આવતી ગઈ, ક્ષિતિજમાંથી પ્રકટીને જાણે તેઓ આવી રહ્યાં હતાં. યુવાન છોકરી એના હાથમાં તેઓ જે દેશનાં હોય એ દેશનું નામ લખેલું પાટિયું લઈને તથા યુવાન છોકરો એ દેશની માટી એક વાસણમાં લઈને આવતાં હતાં. તેઓ જ્યારે ટોચ પર અર્ન પાસે આવી પહોંચતાં ત્યારે ઈશ્વર પ્રત્યેની નિષ્ઠા પ્રદર્શિત કરતા ભાવ સાથે તેઓ પોતાના દેશની માટી અર્નમાં અગાઉ પૂરવામાં આવેલી માટી ઉપર પધરાવી દેતાં અને પછી આવ્યાં હતાં તેની વિરુદ્ધ દિશાએથી નીચે ઊતરી જતાં. થોડીક જોડીઓ તો પોતાના દેશનો ખાસ પહેરવેશ પહેરીને આવી હતી. એમાં આફ્રિકાના પહેરવેશનો રંગ વખાણવા લાયક હતો. વિશાળકાય રશિયાનું પ્રતિનિધિત્વ બે નાનાં બાળકોએ કર્યું હતું. એ બાળકો ગોરવર્ણનાં અને મોહક હતાં. પછી ભારતનાં દરેક રાજ્યોનો વારો હતો. દુનિયાનો કોઈ દેશ બાકી રહ્યો ન હતો ધ્રુવ પ્રદેશના બરફીલા પ્રદેશોથી માંડી વિષુવવૃત્ત પરનાં નાનાં રાજ્યોને પણ બોલાવવામાં આવ્યાં હતાં. છેલ્લી જોડી હાથમાં કેસરી રંગનો ઑરોવિલનો ધ્વજ લઈને આવી. ધ્વજ ઉપર પ્રતીકાત્મક કમળનું ચિત્ર ઉપસાવેલું હતું. પછી આશ્રમના ઉમદા શિષ્ય, સૌથી પ્રથમ અને સૌથી જૂના સાધકોમાંના એક, શરૂથીજ પોતાના પ્રિય ગુરુ શ્રી અરવિન્દના શિષ્ય નલિનીકાન્ત ગુપ્ત જ્યારે આગળ વધતા દેખાયા ત્યારે પ્રવર્તમાન શાંતિ વધુ ગહન બની ગઈ. (જો એ શક્ય હતું તો.) પોતાના પુત્ર સાથે તેઓ અર્નને બંધ કરી દેવા આવ્યા હતા. તેઓ જ્યારે ઉપર ચઢીને ટોચ પાસે ઊભા રહ્યા,—વ્યવસ્થિત પહેરવેશથી સજ્જ, મુખ પર સુંદર ગાંભીર્યયુક્ત રેખાઓ —ત્યારે જાણે કે વેદમાં વર્ણવાયેલા પ્રાચીન યુગના ઋષિ યજ્ઞવેદી પર વિધિ કરાવી રહ્યા હોય, સમર્પણનો અગ્નિ ત્યાં પેટાવી રહ્યાં હોય એવું લાગતું હતું.

શું ઑરોવિલ એવી વેદી નથી કે જેના ઉપર બધી જ બૂરી કામનાઓ હંમેશને માટે બળી જવી જોઈએ, જેથી જગત, શુદ્ધ બનીને, માણસોની આ ભૂમિને નવી શુભવાર્તાનો* ઉપદેશ આપી શકે.

- By Mme yvome Robest Gaebele

*

ઑરોવિલની સ્થાપના અનુપમ તેમ જ અદ્‌ભુત વિધિ દ્વારા કરવામાં આવી હતી. જેઓએ એમાં ભાગ લીધો હતો તથા જેઓએ એ વિધિ નિહાળી હતી તે સૌને માટે એ ક્યારેય ન ભૂલી શકાય એવો અનુભવ બની રહ્યો. ઉપર જણાવેલ નામક** લેખકના મૂળ અંગ્રેજીમાં લખાયેલ વર્ણનનું ભાષાંતર ગુજરાતી વાચકો માટે કરી અત્રે પ્રસિદ્ધ કર્યું છે. શ્રી અરવિન્દ સોસાયટીના રજત જયંતી સુવેનીરમાં મૂળ લખાણ છે.

– તંત્રી

* Evangel — બાઈબલની શુભવાર્તા

** શ્રી અરવિન્દે આ લેખકને ‘સુવ્રત’ નામ આપ્યું હતું.

# વૃત્ત વિશેષ

**તાજેતરમાં જામનગર કેન્દ્રમાં નીચે મુજબના કાર્યક્રમો થયા.**

**તા. ૨૦-૧૦-૨૦૧૭ વિક્રમસંવત ૨૦૭૪ કા.સુ.૧ : નૂતનવર્ષ-દિન :-** બેસતું વર્ષ નિમિત્તે કેન્દ્રમાં સવારે ૧૦.૦૦થી ૧૦.૩૦ સમાધિ સમીપ સમૂહધ્યાન, ત્યારબાદ કેન્દ્ર ૧૨.૩૦ સુધી અને સાંજે ૬થી ૮ દર્શન માટે ખુલ્લું રાખવામાં આવ્યું, જેનો પચાસેક વ્યક્તિઓએ લાભ લીધો.

**તા. ૧-૧૧-૨૦૧૭ કેન્દ્રનો સ્થાપના-દિન :-** ૧ નવેમ્બર ૧૯૭૦ (ભાઈબીજ)ના રોજ જામનગર શહેરમાં આવેલી શાળા બાલમંદિર કુમારમંદિરમાં આશ્રમના વરિષ્ઠ સાધક શ્રી સુન્દરમ્‌ના વરદ હસ્તે શ્રી અરવિન્દ સોસાયટીની સ્થાપના કરવામાં આવી હતી. આ શુભ પ્રસંગની ઉજવણી સવારે ૧૦થી ૧૦.૩૦ સમાધિ સમીપ સમૂહધ્યાન (સંખ્યા : આશરે ૨૫) તથા સાંજે રિદ્ધિમંગલ-પ્રાર્થના તથા શ્રી અરવિન્દ આશ્રમની પ્રવૃતિઓનો પરિચય આપતી ફીલ્મ. (સંખ્યા : આશરે ૩૦)

**તા. ૧૭-૧૧-૨૦૧૭ : શ્રી માતાજીનો દેહોત્સર્ગ-દિન તથા તા. ૨૦-૧૧-૨૦૧૭ : શ્રી માતાજીનો મહાસમાધિ-દિન :-** બંને દિવસ સવારે ૧૦થી ૧૦.૩૦ :- સમાધિ સમીપ સમૂહધ્યાન. (સંખ્યા : અનુક્રમે ૨૦ અને ૨૫) તથા સાંજે ૭થી ૮ :- ધ્યાન, પ્રાર્થના અને પ્રસંગને અનુરૂપ વાચન (સંખ્યા : આશરે ૩૫ અને ૪૦)

**તા. ૨૪-૧૧-૨૦૧૭ : સિદ્ધિ-દિન : દર્શન-દિન :-** સવારે ૧૦થી ૧૦.૩૦ :- સમાધિ સમીપ સમૂહધ્યાન (સંખ્યા : ૨૫) સાંજે ૭ થી ૮.૩૦ :- ધ્યાન-પ્રાર્થના, ભક્તિસંગીત, જેમાં સંગીતકાર શ્રી લક્ષ્મણભાઈ ગુસાઈએ ભક્તિગીતો રજૂ કર્યાં. ત્યારબાદ અલ્પાહાર. (સંખ્યા : આશરે ૫૦)

**(૫) તા. ૫-૧૨-૨૦૧૭ : શ્રી અરવિન્દનો દેહોત્સર્ગ-દિન તથાતા. ૯-૧૨-૨૦૧૭ : શ્રી અરવિન્દનો મહાસમાધિ-દિન :-** બંને દિવસ સવારે ૧૦થી ૧૦.૩૦ :- સમાધિ સમીપ સમૂહધ્યાન. (સંખ્યા : અનુક્રમે ૨૦ અને ૩૦) તથા સાંજે ૭થી ૮ :- ધ્યાન, પ્રાર્થના અને પ્રસંગને અનુરૂપ વાચન (સંખ્યા : આશરે ૨૫ અને ૩૦) ***(અહેવાલ : બિપિન શનિશ્વરા)***

*

**શ્રી અરવિન્દ કેન્દ્ર ગાંધીનગર દ્વારા તા. ૫-૧૨-૧૭ના રોજ ઑમપુરી શાખા, માતર ખાતે યુવા શિબિરનું આયોજન**

શ્રી અરવિન્દ કેન્દ્ર ગાંધીનગર  તેમ જ ૐમપુરી કેન્દ્ર માતરના સહયોગ દ્વારા તા. ૫-૧૨-૧૭ના રોજ યુવા શિબિરનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું.

યુવા શિબિરમાં શ્રી કડી સર્વ વિશ્વ વિદ્યાલય ગાંધીનગર સંચાલિત બી.બી.એ. કૉલેજનાં ૫૭ વિદ્યાર્થી-વિદ્યાર્થિનીઓ અને અધ્યાપકોએ ભાગ લીધો હતો. શ્રી માતાજી અને શ્રી અરવિન્દનાં જીવન દર્શન ઉપર યોજવામાં આવેલ વ્યાખ્યાનમાળામાં વક્તાઓ શ્રી ડૉ. સી.કે. તન્ના-ગાંધીનગર કેન્દ્ર, શ્રી રમેશભાઈ ત્રિવેદી, માતર કેન્દ્ર, તથા સુ.શ્રી રંજનબેન વૈદ્ય દ્વારા સુંદર રજૂઆતો થઈ હતી. શિબિરાર્થીઓએ પણ ખૂબ જ રસપૂર્વક અને ઉત્સુકતા સાથે ભાગ લીધો. આખા દિવસની શિબિર હોવાથી ૐપુરિ દ્વારા પણ સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. સર્વેએ અનુકૂળતા મુજબ શ્રમદાન કર્યું હતું. *(અહેવાલ : ડૉ. સી.કે. તન્ના)*

*

## વાર્ષિક અધિવેશન

ગુજરાતનાં શ્રી અરવિન્દ કેન્દ્રોનું ૪૬મું વાર્ષિક અધિવેશન તા. ૩૦-૩૧ ડિસે. ૨૦૧૭ દરમિયાન શ્રી અરવિન્દ નિવાસ વડોદરા મુકામે યોજવામાં આવ્યું હતું.

તા. ૩૦ના રોજ સવારે ૧૦ વાગે અધિવેશનનું ઉદ્‌ઘાટન ઑરો યુનિ. સૂરતના ચાન્સેલર શ્રી એચ.પી. રામાસાહેબ દ્વારા કરવામાં આવ્યું. અતિથિવિશેષ તરીકે શ્રી અવધેશકુમાર સિંઘ (ઑરો યુનિ.ના વા.ચા.શ્રી) પધાર્યા હતા.

ઉદ્‌ઘાટનસત્રના પ્રારંભમાં શ્રીમતી અંગિરાબેને પ્રાર્થના કરી હતી અને ત્યારબાદ સૌ માનવંતા મહેમાનોએ દીપ પ્રજ્વલીત કર્યા હતા. શ્રી અરવિન્દ સોસાયટી, વડોદરાના અધ્યક્ષ શ્રી શરદભાઈ જોશીએ સૌ પ્રતિનિધિઓનું પ્રેમપૂર્વક સ્વાગત કર્યું અને પધારેલા મહેમાનોનો પરિચય કરાવ્યો તથા એમનું પુષ્પગુચ્છથી સન્માન કર્યું હતું. શ્રી એચ.પી. રામા જેઓ શ્રી અરવિન્દ અને શ્રી માતાજીના અનુયાયી છે તેઓ તેમના અભ્યાસકાળ દરમિયાન તેઓ શ્રી અરવિન્દ નિવાસમાં ધ્યાન માટે આવતા હતા તેઓશ્રીએ શ્રી અરવિન્દ અને શ્રી માતાજીના શિક્ષણ વિશેના આદર્શો પ્રમાણેની શિક્ષણ પ્રણાલીના પ્રયોગ રૂપે ઑરો યુનિવર્સિટીની સ્થાપના કરી છે, પોતાના પ્રવચન દરમિયાન કેન્દ્રોના સૌ પ્રતિનિધિઓને તેમણે ઑરો યુનિ.ની મુલાકાત લેવાનું ભાવપૂર્ણ નિમંત્રણ આપ્યું. અતિથિવિશેષ પ્રોફે. એ.કે. સિંઘે તેમના (ગુજરાતી !) પ્રવચનમાં શ્રી અરવિન્દની પ્રકાશપૂર્ણ પ્રતિભાને સરળ શૈલીમાં હૃદયસ્પર્શી અંજલિ આપી. ત્યારપછી શ્રી જ્યોતિબેહેને પોતાના પ્રાસંગિક પ્રવચનમાં દીપ પ્રગટ્ય દ્વારા ઉદ્‌ઘાટનનો સાંકેતિક અર્થ સમજાવતાં જણાવ્યું કે અહીં આપણે પંચજ્યોતિ પ્રગટાવ્યા તેમ જીવનમાં, ચેતનામાં પણ પાંચ જ્યોતિઓ પ્રગટાવવાની છે — તે છે : શરીર, પ્રાણ, મન, ચૈતસિક અને આધ્યાત્મિક ભૂમિકાની જ્યોતિઓ, અને એ રીતે સૌએ પૂર્ણયોગના યાત્રી બનવાનું છે. જ્યોતિબહેનના પ્રવચન પછી આભારદર્શન બાદ સત્રની સમાપ્તિ કરવામાં આવી.

**બીજું સત્ર :-** બીજું સત્ર, દર વર્ષની જેમ, ચિંતનિકાઓ માટેનું ખુલ્લું સત્ર હતું. ચિંતનનો વિષય હતો 'નિષ્ઠા'. આ સત્રનો આરંભ કપડવંજ કેન્દ્રનાં શ્રીમતી પુષ્પાબેન ભટ્ટના પ્રવચનથી થયો. તેમણે 'નિષ્ઠા' શબ્દનો અર્થ વ્યાકરણની રીતે બતાવી તેના અનેક અર્થો વિશે વિદ્વત્તાપૂર્ણ છણાવટ કરી. ત્યાર પછી શ્રી વસંતભાઈ (જંત્રાલ) એ કુ. વિલ્સન જેને શ્રી અરવિન્દે 'નિષ્ઠા' નામ આપ્યું હતું તેમને યાદ કરીને 'નિષ્ઠા' સંજ્ઞા સમજાવવાનો પ્રયાસ કર્યો. તે પછી ડૉ. કે.પી.પટેલ (છોટા ઉદેપુર), ડૉ. સી.કે. તન્ના (ગાંધીનગર), શ્રી રમેશ ત્રિવેદી (ૐ પુરિ), શ્રી રણછોડભાઈ પંચાલ (નડિયાદ), શ્રી જિજ્ઞાબેન દવે (સિદ્ધપુર), શ્રી સુરેશ જોષી (અમરેલી) શ્રી રમેશભાઈ (ઘંટિયાળા, વડોદરા) વિ.એ. આ ચિંતનસત્રમાં ભાગ લીધો. શ્રી રણછોડભાઈ પંચાલે ટાંકેલ, શ્રી અરવિન્દના શબ્દો : 'દઢિભૂત થયેલી શ્રદ્ધા એજ નિષ્ઠા' અસરકારક રહ્યા. પ્રતિનિધિઓના ઉત્સાહને માન આપીને ભોજનવિરામ પછીના ત્રીજા સત્રમાં પણ આ ચિંતન/ચર્ચા ચાલુ રાખવામાં આવ્યાં.

**ત્રીજું સત્ર :-** આ સત્રમાં 'ચિંતન' ચર્ચાનું સમાપન કરતાં શ્રી શરદભાઈએ જણાવ્યું કે આપણો હેતુ શ્રી માતાજીની બાર શક્તિઓમાંની એક 'નિષ્ઠા' ઉપર ચિંતન કરવાનો હતો, તેમાં દુન્યવી કે સામાન્ય અર્થોને લઈને ચર્ચા કરવાનો ન હતો. ત્યારપછી કેન્દ્રોના અહેવાલમાં શ્રીમતી જયશ્રી બેન પંડ્યા (ઘંટિયાળા, વડોદરા), સુલભાબેન દેવપુરકર (પોરબંદર), તથા ગાંધીનગર, સિદ્ધપુર, ૐપુરિ, અમરેલી, ધારી વિ. કેન્દ્રના પ્રતિનિધિઓએ પોતપોતાના અહેવાલો રજૂ કર્યા. અને શ્રી શરદભાઈ જોષીએ ગુજરાત સ્ટેટ કમિટી વતી ૪૬મા વાર્ષિક અધિવેશનનો વાર્ષિક અહેવાલ પ્રસિદ્ધ કર્યો.

**ચોથું સત્ર :-** સાંજે ૫.૩૦ વાગે વ.મ.સે.સ. દ્વારા આયોજિત શ્રી અરવિન્દ વ્યાખ્યાનમાળા અંતર્ગત વ્યાખ્યાનનો કાર્યક્રમ હતો. વ્યાખ્યાત શ્રી જી. નારાયણના પરિચય બાદ વડોદરા મ્યુ. કમિશનર ડૉ. વિનોદ રાવે પ્રસ્તાવનારૂપ પ્રવચન આપ્યું. તેમણે શ્રી અરવિન્દની ભાવિ તૈયારીરૂપ જે અભ્યાસ અને કાર્યો શ્રી અરવિન્દે અહીંના નિવાસ દરમિયાન કર્યાં તેની સંક્ષિપ્ત પણ સુરેખ માહિતી આપી અને આજના પ્રવચનના વિષય Humanity to Divinity, ને અનુરૂપ પૂર્વભૂમિકા રચી આપી.

મેનેજમેન્ટ ગુરુ તરીકે પ્રખ્યાત શ્રી જી. નારાયણે applied Philosophy ના નમૂનારૂપ પ્રવચન આપ્યું, જેમાં તેમણે ભગવદ્ગીતા અને ભારતીય દર્શન ઉપર આધારિત સુખી અને પ્રગતિશીલ જીવન માટેના જરૂરી સિદ્ધાંતો સમજાવ્યા.

## તા. ૩૧/૧૨ ઑરો યુનિ.ની મુલાકાત

સવારે ૬.૦૦ વાગે બે બસો શ્રી અરવિન્દ નિવાસમાંથી સૂરત જવા ઊપડી. ઑરો યુનિ. સવારે ૧૦.૩૦ વાગે પહોંચી. યુનિ. તરફથી ભારતીય પ્રણાલી પ્રમાણે કુમકુમ તિલકથી સૌનું સ્વાગત કરવામાં આવ્યું. અલ્પાહાર પછી યુનિ.ના વિભાગોની મુલાકાત શરૂ થઈ. યુનિ.નું પરિસર આકર્ષક હતું. સમગ્ર પરિસરનું આયોજન સૌન્દર્યદૃષ્ટિના ઉત્કૃટ ઉદાહરણરૂપ હતું. પરિસરનો એકેએક ખૂણો સ્વચ્છતા અને સૌન્દર્યના શ્રેષ્ઠ માપદંડરૂપ હતો. સમગ્ર પરિસર આધ્યાત્મિક વાતાવરણથી સભર હતું. વિદ્યાર્થીને અભ્યાસ માટે સહજ રીતે જ રૂચિ, આકર્ષણ અને એકાગ્રતા પ્રાપ્ત થાય તે પ્રકારની સુવિધાઓ અને વાતાવરણ ત્યાં સર્જાયેલું છે. ઉ.ત. Law ના વિદ્યાર્થીઓ માટે આખો કોર્ટરૂમ ઊભો કરવામાં આવ્યો છે. Hotel Management ના વિદ્યાર્થીઓ માટે રસોઈ શિખવા માટેના ખંડનું વિશાળ અદ્યતન લેબની સુઘડતા અને ચોકસાઈપૂર્વક સર્જન કરવામાં આવ્યું છે. !!

તદ્ઉપરાંત વર્ગખંડો, પુસ્તકાલયો, કેન્ટીન, રમતસંકુલ, ઓડિટોરિયમ વિ. દરેક ઉપકરણ શ્રી માતાજીના કેળવણી વિશેના દર્શનને ઉત્તમ રીતે ચરિતાર્થ કરવાના પ્રયાસરૂપ છે. વિભાગોની મુલાકાત પછી સૌ ઑડિટોરિયમમાં આવ્યા. પ્રારંભમાં પ્રાર્થના-ધ્યાન પછી શ્રી રામાએ યુનિ. ના સર્જનની વાત કરી તથા યુનિ.ના લોગોનું સાંકેતિક મહત્ત્વ સમજાવ્યું. વા.ચા. પ્રો. સિંઘે અહીંના શિક્ષણના ઉમદા ઉદ્દેશો વિશે જણાવ્યું, અભ્યાસક્રમ વિભાગના હેડ ડૉ. રોહિત સિંઘે યુનિ. માં ચાલતા વિવિધ અભ્યાસક્રમો વિશે માહિતી આપી. ભોજનવિરામ બાદ પ્રોફે વ્લાદીમીર યાત્સેન્કોએ આ યુનિ.ના તેમના અનુભવો વિશે જણાવ્યું. શ્રી કૈવલ્ય સ્માર્ત પણ અહીં શિક્ષણ કાર્ય કરી રહ્યા છે. તેમણે જણાવ્યું કે અહીંના દરેક અભ્યાસક્રમમાં બે વિષયો ફરજિયાત ભણાવવામાં આવે છે, ૧) Science of Living, by The Mother અને ૨) Foundations of the Indian Culture by Sri Aurobindo.

યુનિ. સાથે સંકળાયેલા વક્તાઓમાં શ્રી શરદભાઈએ યુનિ. ની રચના અને વ્યસ્થાપન વિશે વિશેષ માહિતી આપી. શ્રી શરદભાઈ યુનિ.ના પ્રારંભથી જ તેની સાથે અનેક રીતે સંકળાયેલા છે તેથી તેમણે સંક્ષિપ્તમાં યુનિ.ના પ્રારંભિક સમયની રસપ્રદ માહિતી આપી.

કેન્દ્રોના પ્રતિભાવો માટે આમંત્રણ મળતાં ઘણા પ્રતિનિધિઓએ શ્રી રામાસાહેબને ધન્યવાદ અને અભિનંદન પાઠવ્યા અને સૂચન કર્યું કે આ શિક્ષણ પ્રણાલી અનુસાર પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ અંગે પણ વિચારવામાં આવે.

અંતે ખૂબ જ સંતોષ અને પ્રસન્નતા સાથે આ શૈક્ષણિક તીર્થક્ષેત્રની યાત્રા સંપન્ન થઈ.

પાછા વળતી વખતે શ્રી અરવિન્દ કેન્દ્ર સૂરતની મુલાકાત લેવામાં આવી. દર્શન અને ધ્યાન બાદ 'સૂપ'નો પ્રસાદ ગ્રહણ કર્યા બાદ બસ વડોદરાના માર્ગે આગળ વધી. રાત્રે ૧૧.૧૫ વાગે શ્રી અરવિન્દ નિવાસમાં સૌ પરત આવ્યા.

(અહેવાલ : શ્રી કૈલાશ જોશી)

# ઑરોવિલ - પ્રયોગશાળા

સત્યતાનું સર્જન : ભાવિ જગતની પ્રયોગશાળા.

આપણામાં એક સંપૂર્ણ પારદર્શક એવી સત્યતા આવી જવી જોઈએ. અત્યારે આપણે જે મુશ્કેલીઓ અનુભવી રહ્યા છીએ એનું કારણ તે સત્યતાનો અભાવ છે. અસત્યતા આમ તો બધા જ માણસોમાં રહેલી છે. પૃથ્વી ઉપર પૂરેપૂરી સત્યતાવાળા માણસો કદાચ સો જેટલા હશે. માણસની પ્રકૃતિ જ એવી છે કે એ તેને અસત્યતાવાળો બનાવે છે — એ બહુ સંકુલ વસ્તુ છે, કારણ કે માણસ પોતાની જાતને સતત છેતરતો રહેતો હોય છે, પોતાની પાસેથી સત્યને સંતાડતો હોય છે, પોતાને બચાવી લેતો હોય છે. યોગ્ય એ આપણા સ્વરૂપના સર્વ ભાગોમાં સત્યતામય બનવાનું સાધન છે.

સત્યતામય બનવું મુશ્કેલ છે. પરંતુ કાંઈ નહિ તો તમે તે મનોમય રીતે તો કરી શકો છો. ઑરોવિલના નિવાસીઓ પાસે આ વસ્તુ તો આપણે માગી શકીએ છીએ.

શક્તિ તો આવી રહેલી જ છે, પહેલાં કદી ન હતી એટલી બધી એ હાજર છે, પણ માણસોમાં જે અસત્યતા રહેલી છે તે એને નીચે અવતરતાં, આપણા અનુભવમાં આવતાં રોકી રાખે છે. જગત અસત્યમાં રહેલું છે, મનુષ્યો વચ્ચેના બધા સંબંધો અત્યાર સુધી માત્ર અસત્ય અને કપટ ઉપર મંડાયેલા છે. રાષ્ટ્રો વચ્ચેની મુત્સદ્દીગીરી જૂઠાણાં ઉપર મંડાયેલી છે. રાષ્ટ્રો પોતે શાંતિ ઇચ્છે છે એવો દાવો કરે છે અને, બીજી બાજુ, પોતે હથિયારો સજતાં રહે છે. મનુષ્યોની અંદર અને રાષ્ટ્રોની વચ્ચે સત્યતા હશે તોજ એક રૂપાંતરિત બનેલા જગતનું આગમન બની આવશે.

ઑરોવિલ એ આ પ્રયોગ માટેનો પહેલો પ્રયત્ન છે. માણસો જો રૂપાંતર માટેનો તથા સત્યતાની શોધ માટેનો પ્રયત્ન કરવાની ઇચ્છા રાખતા હશે તો એક નવું જગત જન્મ પામશે, એ શક્ય છે. પશુમાંથી મનુષ્ય સર્જાયો ત્યાં સુધીમાં હજારો વર્ષોની જરૂર પડી હતી. આજે માણસ, પોતાના મનને લીધે, દિવ્ય એવા મનુષ્ય પ્રત્યે રૂપાંતર પામવા માટે વેગ પકડી શકે છે અને સંકલ્પ સેવી શકે છે.

મનના દ્વારા (પોતાની જાતનું પૃથક્કરણ કરીને) આ રૂપાંતર સાધવું એ પહેલી અવસ્થા છે. એ પછી આપણે પ્રાણની વૃત્તિઓનું રૂપાંતર કરવાનું રહે છે. એ ઘણું વધારે મુશ્કેલ કામ છે, અને સૌથી વિશેષ મુશ્કેલ કામ શરીરનું રૂપાંતર સાધવું એ છે : આપણા શરીરનો પ્રત્યેક કોષ સભાન બની રહેવો જોઈએ. હું અહીં આ કાર્ય કરી રહી છું; એમાંથી મૃત્યુ પરનો વિજય સધાશે. એ એક બીજી કથા છે; એ ભાવિની માનવજાતિ હશે, એને કદાચ સેંકડો વર્ષો લાગે, કદાચ વધુ ઝડપથી થાય. એનો આધાર માણસો ઉપર, લોકો ઉપર રહેશે.

ઑરોવિલ આ લક્ષ્યની દિશામાં પ્રથમ પગલું છે.

ફેબ્રુઆરી, ૧૯૮૬ — શ્રી માતાજી

(વર્ષ ૦૪ : અંક ૨)

RNI NO GUJGUJ/2015/60353
P. R. NO VDR(E)/338/FEB-18 TO JULY-18

વાર્ષિક લવાજમ ₹ ૧૮૦ – છૂટક અંક : ₹ ૧૫

શ્રી અરવિન્દ સોસાયટી, પોંડિચેરીની માસિક પત્રિકા
છૂટક અંકની કિંમત ₹ ૧૫-૦૦
વાર્ષિક લવાજમ ભારતમાં ₹ ૧૮૦
વિદેશ માટે-હવાઈ માર્ગે
અમેરિકન ડોલર ૨૫ વાર્ષિક

© શ્રી અરવિન્દ આશ્રમ ટ્રસ્ટ, પોંડિચેરી-૬૦૫ ૦૦૨

પ્રકાશક :

શ્રી શરદચંદ્ર એમ. જોશી, અધ્યક્ષ,
શ્રી અરવિન્દ સોસાયટી, શ્રી અરવિન્દ નિવાસ,
દાંડિયા બજાર, વડોદરા-૩૯૦ ૦૦૧
ફોન નં. (૦૨૬૫) ૨૪૧૨૬૮૫
E-mail : sasvadodara@aurosociety.org
વેબસાઈટ : www.auronivas.org

*

મુદ્રણસ્થાન : કૈલાસ પ્રિન્ટરી, ડી-૧૨, સરદાર એસ્ટેટ,
આજવા રોડ, વડોદરા. ફોન નં. ૨૫૧૩૪૭૩ મો.૯૮૩૯૦૦૬૦૯૦
E-mail : vishal6090@gmail.com

*

તંત્રી : શ્રી કિરીટકુમાર ઇન્દ્રવદન ઠક્કર

Published and Printed by Shri Sharadchandra M. Joshi,
on behalf of Sri Aurobindo Society, Vadodara
Published at Sri Aurobindo Nivas, Dandia Bazar, Vadodara-390001.
Printed at Kailas Printery D/12, Sardar Estate, Ajwa Road, Vadodara.
Editor : Shri Kiritkumar Indravadan Thakkar.